**આજનો સુવિચાર**

જે પોતાના માટે જીવે છે તે મરી જાય છે, જે સમાજનાં માટે મરે છે તે જીવિત રહે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૭૩ જૂનાગઢ તા.૦૪-૦૭-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 173, Junagadh : Date : 04 July, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# વિશ્વ ચેમ્પિયન ટીમ ઈન્ડીયા વતન પહોંચી : ભવ્ય સ્વાગત



## વિજેતા ટીમે વડાપ્રધાન મોદી સાથે મુલાકાત કરી : આજે સાંજે પાંચ વાગ્યે મુંબઈમાં ભવ્ય રોડ-શો : વાનખેડે સ્ટેડીયમમાં શાનદાર સન્માન સમારોહનું આયોજન

નવી દિલ્હી તા.૪

ટી૨૦ ક્રિકેટમાં વર્લ્ડ ચેમ્પીયનનો ખિતાબ જીતેલી ભારતીય ટીમ આજે વહેલી સવારે વતન પરત ફરી છે ત્યારે એરપોર્ટથી હોટલ સુધી ટીમનું અભૂતપૂર્વ સ્વાગત થયુ હતું. ઈન્ડિયા-ઈન્ડિયાની ગુંજ વચ્ચે સેંકડો ક્રિકેટ ફેન્સ ઉમટી પડયા હતા. હોટલમાં રોકાણ બાદ ટીમના ખેલાડીઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. સાંજે મુંબઈમાં મરીન ડ્રાઈવથી ભવ્ય 'વિજય સેલીબ્રેશન' યોજાશે. અમેરિકા તથા વેસ્ટઈન્ડીઝમાં સંયુકત રીતે યોજાયેલા ટી૨૦ ક્રિકેટ વર્લ્ડકપમાં ભારત વિજેતા બન્યુ હતું. વતનવાપસી પુર્વે બાર્બાડોઝમાં વાવાઝોડુ ત્રાટકતા પરત ફરવામાં બે દિવસ મોડુ થયુ હતું અને આજે વહેલી સવારે ખાસ વિમાન દ્વારા ટીમ આવી પહોંચી હતી. આ તકે સેંકડો ક્રિકેટ ફેન્સ પહોંચ્યા હતા અને ઈન્ડિયા-ઈન્ડિયાની ગુંજ સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. કપ્તાન રોહિત શર્મા વર્લ્ડકપ ટ્રોફી સાથે બહાર આવ્યો હતો. ટ્રોફી હાથથી ઉંચી કરીને ફેન્સને દેખાડતા જ પ્રશંસકો ઉત્સાહથી ઝુમી ઉઠયા હતા અને ઈન્ડિયા ઈન્ડિયાના નારા લગાવ્યા હતા. એરપોર્ટથી ટીમને વિશેષ સુરક્ષા બંદોબસ્ત વચ્ચે હોટલ લઈ જવામાં આવી હતી. આગળ-પાછળ સુરક્ષા કાફલા વચ્ચે બે બસમાં ખેલાડીઓ હોટલ પર પહોંચ્યા હતા ત્યાં પણ સેંકડો ફેન્સ પ્રતિક્ષામાં હતા અને ભવ્ય સ્વાગત કર્યુ હતું. કપ્તાન રોહિત શર્મા તથા અભૂતપૂર્વ કેચ ઝડપીને મેચમાં નિર્ણાયક વળાંક આપનારા સૂર્યકુમાર યાદવે ફેન્સ સાથે ભાંગડા નૃત્ય પણ કર્યા હતા. વિશ્વકપ વિજેતા ટીમ ઈન્ડિયા ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા પહોંચી હતી. ભારતને ગૌરવ અપાવનારા ક્રિકેટ ખેલાડીઓ માટે વડાપ્રધાને ખાસ બ્રેકફાસ્ટ રાખ્યુ હતુ.

હાથરસ દુર્ઘટનાનાં ૪૮ કલાક બાદ પણ બાબા પોલીસની પહોંચથી બહાર : રાહુલ ગાંધી પીડિતોની મુલાકાત લેશે

## ફરાર બાબાએ નિવેદન બહાર પાડયું : ''અસામાજીક તત્વોએ નાસભાગ મચાવી - હું કાયદેસર કાર્યવાહી કરીશ''

નવી દિલ્હી તા. ૪

હાથરસ દુર્ઘટનાના ૪૦ કલાક બાદ પણ પોલીસ નારાયણ સાકર હરિ ઉર્ફે ભોલે બાબા સુધી પહોંચી શકી નથી. પોલીસે મૈનપુરી, ગ્વાલિયર, કાનપુર અને હાથરસ સહિત બાબાના ૮ ઠેકાણાઓ પર દરોડા પાડ્યા છે. યોગી સરકારે દુર્ઘટનાની તપાસ માટે ન્યાયિક પંચની રચના કરી છે. જેની અધ્યક્ષતા અલ્હાબાદ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ બ્રિજેશ કુમાર શ્રીવાસ્તવ કરશે. નિવૃત્ત IAS હેમંત રાવ અને નિવૃત્ત ડીજી ભાવેશ કુમાર સિંહ આયોગના સભ્ય છે. ટીમ ૨ મહિનામાં તપાસ પૂરી કરીને સરકારને રિપોર્ટ સોંપશે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે સૂચનો પણ આપશે.

બીજી તરફ બાબાએ એપી સિંહને પોતાના વકીલ તરીકે નિયુક્ત કર્યા છે. સિંઘ સુપ્રીમ કોર્ટના વકીલ છે. ભોલે બાબાએ એપી સિંહ દ્વારા એક લેખિત નિવેદન જાહેર કર્યુ હતું. જેમાં તેમણે સ્પષ્ટતા કરી હતી કે, હું (બાબા) મેળાવડામાંથી બહાર નીકળ્યા બાદ અસામાજિક તત્વોએ નાસભાગ મચાવી હતી. હું આ લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરીશ. હું ઘાયલોની સ્વસ્થતાની કામના કરું છું. દરમ્યાનમાં હાથરસ ઘટનાક્રમની ગુંજ સંસદમાં પણ ઉઠી છે. કોંગ્રેસનાં મહાસચિવ કે.સી. વેણુગોપાલે એવી જાહેરાત કરી છે કે, સંસદમાં વિપક્ષનાં નેતા રાહુલ ગાંધી હાથરસ દુર્ઘટનાનાં પીડિતોની મુલાકાત લેશે. જયારે ઉત્તરપ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એવું નિવેદન કર્યુ છે કે આ દુર્ઘટનામાં સંડોવાયેલ કોઈને પણ છોડવામાં આવશે નહી.

## સંસદમાં હવે 'હિન્દુ રાષ્ટ્ર કી જય, 'જય પેલેસ્ટાઈન'નાં નારા નહી લગાવી શકાય : નવા નિયમો લાગુ

નવી દિલ્હી, તા.૪:

૧૮મી લોકસભાના પ્રથમ સત્ર દરમિયાન AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ સંસદ સભ્ય તરીકે શપથ લીધા બાદ ગૃહમાં જય ભીમ, જય મીમ, જય તેલંગાણા અને અંતે જય પેલેસ્ટાઈનના નારા લગાવીને નવો વિવાદ ઉભો કરી દીધો હતો. ઓવૈસી ઉપરાંત અન્ય ઘણા સાંસદો પણ સંસદ સભ્યપદના શપથ લેતા પહેલા કે પછી ગૃહમાં નારા લગાવતા જોવા મળ્યા હતા. તેને લઈને વિવાદ વધ્યા બાદ હવે લોકસભા સ્પીકર ઓમ બિરલાએ સાંસદોની શપથવિધિને લઈને નિયમોમાં ફેરફાર કરીને તેને વધુ કડક બનાવ્યા છે.

નવા નિયમ મુજબ હવે ભવિષ્યમાં શપથ લેનારા ચૂંટાયેલા સાંસદોએ બંધારણ હેઠળના શપથના ફોર્મેટ મુજબ જ શપથ લેવાના રહેશે. હવે સાંસદો શપથ લેતી વખતે ના તો નારેબાજી કરી શકશે અને ન તો તેમના શપથમાં અન્ય કોઈ શબ્દ ઉમેરી શકશે. લોકસભાના સ્પીકરના નિર્દેશો અનુસાર, લોકસભામાં કાર્યપ્રણાલી અને કામકાજના નિયમોના નિયમ ૩૮૯ (૧૭મી આવૃત્તિ)માં ફેરફાર કરવામાં આવ્યો છે.

## શેરબજારમાં બલ્લે..બલ્લે.. છેલ્લા ૬ માસમાં રોકાણકારોને રૂા. ૮૦ લાખ કરોડની બમ્પર કમાણી થઈ



મુંબઈ,તા.૪

ભારતીય શેરબજાર રેકોર્ડબ્રેક તેજીમાં ધમધમી રહ્યું છે.શેરબજાર ઈતિહાસમાં પ્રથમ વખત ૮૦.૦૦૦ ની સપાટી પાર કરી છે. આ પૂર્વે ૧૧ ડીસેમ્બર ૨૦૨૩ ના રોજ ૭૦,૦૦૦ તથા ૯ એપ્રિલ ૨૦૨૪ ના રોજ ચુકવવાનું લેવલ ક્રોસ કર્યું છે. એકધારી તેજી વચ્ચે બીએસઈમાં લીસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપીટલાઈઝેશનમાં રૂા.૪૪૫ લાખ કરોડને આંબી ગયુ છે. છેલ્લા ૬ માસમાં તેમાં ૮૦ લાખ કરોડનો વધારો થયો છે. અર્થાત ઈન્વેસ્ટરોને આટલી જોરદાર કમાણી થઈ છે.

મુંબઈ શેરબજારનું માર્કેટ કેપ બુધવાર ૪૪૫.૪૩ લાખ કરોડના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યુ હતું જે ગત ડીસેમ્બરમાં ૩૬૫ લાખ કરોડ હતું.ગત તા.૨૧ મેના રોજ પ્રથમ વખત પાંચ ટ્રીલીયન ડોલરને પાર થયુ હતું. ત્યારે રૂપિયાની ગણતરીએ ૪૧૪.૪૩ લાખ કરોડ હતું.

જુન મહિનામાં માર્કેટમાં મોટી ઉથલપાથલ થઈ હતી.લોકસભા ચૂંટણી પરીણામો પૂર્વે જોરદાર તેજી હતી. ૩ જુને માર્કેટ કેપ એક જ દિવસમાં ૧૨.૪૮ લાખ કરોડ વધીને ૪૨૪.૬૧ લાખ કરોડ પહોંચ્યુ હતું પરંતુ ૪ જુને ચૂંટણી પરીણામો અપેક્ષીત ન આવતાં પ્રચંડ કડાકો સર્જાયો હતો. એક જ દિવસમાં માર્કેટ કેપમાં ૩૧ લાખ કરોડનું નુકશાન થયુ હતું અને ૩૯૪.૯૩ કરોડ પર ઘસી ગયુ હતું.

જોકે પરીણામ અપેક્ષીત ન હોવા છતાં સરકાર એનડીએની જ બનવાનું સ્પષ્ટ થતાં ૫ જુનથી માર્કેટ ફરી તેજીનાં પાટે ચડી ગયુ હતું અને સળંગ તેજી ચાલુ રહી છે. ૫ જુનથી ૩ જુલાઈ સુધીમાં જ માર્કેટ કેપમાં ૫૦ લાખ કરોડથી અધિકનો વધારો થયો છે.

## બ્રિટનમાં આજે સામાન્ય ચૂંટણી માટે મતદાન : સૂનકનાં ભાવિનો ફેંસલો થશે

લંડન તા. ૪ : બ્રિટનમાં આજે સામાન્ય ચૂંટણી યોજાઈ છે. કન્ઝર્વેટિવ પાર્ટીના ભારતીય મૂળના ઋષિ સુનક અને લેબર પાર્ટીના કીર સ્ટારર વડાપ્રધાન પદ માટે એકબીજાનાં પ્રતિસ્પર્ધી છે. આજે પાંચ કરોડ મતદારો આગામી પાંચ વર્ષ માટે બ્રિટનનું ભવિષ્ય નક્કી કરવા માટે સાંસદોને ચૂંટશે. વર્તમાન વડાપ્રધાન સુનકે ૨૨ મેના રોજ દેશમાં ચૂંટણીની જાહેરાત કરી હતી. આ ચૂંટણીઓ નિર્ધારિત સમય કરતાં ૬ મહિના વહેલી યોજાઈ રહી છે. બ્રિટનમાં મતદાન ભારતીય સમય મુજબ ૧૧.૩૦ વાગ્યે પ્રારંભ થયો છે. જે રાત્રે ૧૦ વાગ્યે (ભારતીય સમય મુજબ ૨.૩૦ વાગ્યે) સમાપ્ત થશે.

## રાજકોટ પોલીસ કમિશ્નરનો તઘલઘી નિર્ણય : મીડિયા પર પ્રતિબંધ મુકયો : કોંગ્રેસનાં આગેવાનોની અટકાયત કરી

રાજકોટ તા. ૪

રાજકોટનાં પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝાએ આજે એક તઘલખી આદેશ જાહેર કરતા પોલીસ કમિશ્નર કચેરીમાં મીડિયાને પ્રવેશ પર પ્રતિબંધ મુકી દીધો છે. એવું ઈતિહાસમાં પ્રથમવાર બન્યું છે કે મીડિયા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હોય, રાજકોટ અગ્નીકાંડ બાદ મીડિયાએ જે રીતે સત્ય અહેવાલો પ્રસિધ્ધ કર્યા છે તેને પગલે રાજકોટનાં પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા અકળાયા છે અને પોલીસ કમિશ્નર કચેરીમાં પત્રકારોનાં પ્રવેશ પર પ્રતિબંધ મુકવાનો આદેશ જારી કરતા ભારે ખળભળાટ મચી ગયો છે. મીડિયા દ્વારા તેનો પ્રચંડ વિરોધ થઈ રહયો છે. કોંગ્રેસનાં આગેવાનોએ પણ પોલીસ કમિશ્નરનાં તઘલખી નિર્ણયનો ભારે વિરોધ કર્યો છે અને લોકશાહીનાં ચોથા સ્તંભ ચોથીજાગીરને દબાવવાનો પ્રયાસ થઈ રહયો હોવાનું જણાવ્યું છે. પોલીસે જે દિશામાં તપાસ કરવી જોઈએ તેમ નહી કરીને મીડીયાનાં પ્રવેશ પર જ પ્રતિબંધ મુકી દેતા ભારે ચર્ચા જાગી છે. પોલીસ કમિશ્નર ભાજપનાં કાર્યકર તરીકે વર્તન કરી રહયા હોવાનું કોંગ્રેસન આગેવાનોએ જણાવ્યું છે.

દરમ્યાનમાં આ બાબતે પોલીસ કમિનર કચેરીમાં રજુઆત કરવા ગયેલા કોંગ્રેસનાં આગેવાનોની અટકાયત કરી લેવામાં આવી હોવાનું જાણવા મળે છે. પોલીસ કમિશ્નરે કોંગ્રેસનાં આગેવાનોની રજુઆત સાંભળવાના બદલે તેમને ગેટ આઉટ કહી બહાર કાઢી મુકયા હતા. ટીઆરપી ગેમઝોન માટે જવાબદાર ગણાતા ભાજપનાં સ્થાનીક નેતાઓ પર કાર્યવાહી કરવાને બદલે રાજકોટનાં પોલીસ કમિશ્નર બ્રિજેશ ઝા કોંગ્રેસનાં આગેવાનો અને પત્રકારો સામે કાર્યવાહી કરી રહયું છે.

## સાળંગપુર ખાતે આજથી બે દિવસીય ભાજપ કારોબારીની બેઠક : નવા પ્રમુખ જાહેર થશે ?

રાજકોટ, તા. ૪

ગુજરાત પ્રદેશ ભાજપની બે દિવસની કારોબારીનો આજથી સાળંગપુર ધામ ખાતે પ્રારંભ થયો છે. લોકસભાની ચૂંટણી બાદ ફરી દેશમાં ભાજપના શાસન, ગુજરાતમાં દાયકા બાદ એક બેઠકના નુકસાન સહિતના સંજોગોમાં આ કારોબારી મળી રહી છે તો ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ હવે કેન્દ્રીય મંત્રી બન્યા હોય, ગુજરાતમાં નવા કાયમી પ્રમુખ અથવા કાર્યકારી પ્રમુખના નામની જાહેરાત થાય તેવી પણ શકયતા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ પાટીલ સાથે આ કારોબારી બેઠકમાં ભાગ લેવા ખાસ કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયેલ આવી રહ્યા છે.


**સી. સી. પડદાવાળા**

● ફર્નિચર ● વોલ પેપર ● પડદાનું કાપડ
● ફર્નિચર માલ ● મેટ્રેસ ● ઓફિસ કેર્ટન
● પ્લાયવુડ ● પીલો ● મોડયુલર કિચન
● હેન્ડલ
● પડદા
● સોફા
● સોફા માલ

પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે

તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧

મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

**Angel Kids**



Every Child in the Blessing of God
PLAY HOUSE & PRE-SCHOOL
2025 ADMISSION OPEN
PERSONALITY DEVELOPMENT TRAINING
MINDFUL ACTIVITY SKILLS
CBSE PATTERN SYLLABUS
PLAY GROUP L.K.G. H.K.G
EXCEPTIONAL LEARNING METHOD
HOMELY ATMOSPHERE
CREATIVITY SKILLS
B/H. LIMDA CHOWK, SAIYEDVADA, "SAHAR", JUNAGDH
CONTECT : 91068 56924
E-mail : angelkidzpresch2023@gmail.com/



ડૉ. દિપેન જે. સુબા
॥ આદિત્ય ॥ કલીનીક

શું તમે શારીરિક દુઃખાવા થી પીડાવ છો ?
શું તમે પીડારહીત હલન ચલન નથી કરી શકતા ?
શું તમે સાંધા-સ્નાયુ-નસ-રગનાં દર્દો + ઓર્થો. દુઃખાવા માટે કાપ-કુપ/એમ.આર.આઈ વગરનો વિકલ્પ શોધી રહયા છો?
શું શરીરના સાંધાની જકડન, સોજા, મેંડ, મચકોડ, માંસપેશીના દર્દો, કુટ-કળતર / વા જેવી તકલીફો થી આડઅસર વગર રાહત મેળવવી શકય છે? તો જવાબ છે, ॥ આદિત્ય કલીનીક ॥
ભારત + અમેરીકામાં અભ્યાસ પછી વિવિધ હોસ્પીટલ્સનો અનુભવ મેળવી કલીનીકલ પ્રેકટીસમાં કાર્યરત
પરબનો ઉતારો, ગ્રાઉન્ડ ફલોર, પોલીસ લાઇન સામે, જયશ્રી ફાટક પાસે, જુનાગઢ. Ph. : 0285-2621555 M. 94294 55525

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

દુકાન બંધ કરવા સબબ
ખરીદી કરવા જરૂર પધારો
નહીંતર અફસોસ....
કેન્દ્રીય વિદ્યાલય (K.V.S.) કનેરીયા કોન્વેન્ટ, માનસ વિદ્યાલય, આલ્ફા, નોબલ વગેરેનાં સ્કુલ ડ્રેસ
તેમજ કાપડમાં ૫૦% વળતર મળશે
**બોમ્બે બજાર**
જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી
ત્રીજા માળે, જેનીલી શોપીંગ સેન્ટર
મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ**

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



# જૂનાગઢના રેડક્રોસ હોલ ખાતે સ્વ.નારસિંહ પઢીયારની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથી નિમીતે રકતદાન કેમ્પ યોજાયો



જૂનાગઢ તા.૨૪

સોરઠના સિંહ સમાન કર્મનિષ્ઠ આગેવાન સ્વ. શ્રી નારસિંહ પઢિયારની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તો જૂનાગઢ ખાતે રેડક્રોસ હોલમાં રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ રક્તદાન કેમ્પનું ઉદઘાટન જૂનાગઢના મેયર ગીતાબેન પરમાર તેમજ જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, ભારતી આશ્રમના શ્રી મહાદેવ ભારતી , બિલનાથ મંદિરનાં મહંત શ્રી ગણેશાનંદજી, સ્ટેન્ડિંગ સમિતિના ચેરમેન હરેશભાઈ પરસાણા, દ્વારકાના પ્રભારી પ્રદીપભાઈ ખીમાણી, કાળુભાઈ સુખવાણી, પ્રાધ્યાપક બલરામ ચાવડા સહિત ધાર્મિક, સામાજિક અને રાજકીય આગેવાનોની હાજરીમાં થયું હતું. આ રક્તદાન કેમ્પમાં પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂ તેમજ પી.ડી.ગઢવી, પ્રફુલભાઈ ત્રિવેદી, કરસનભાઈ ધડુક, શશીકાંત ભીમાણી, રામાયણી લાખાભાઈ ગઢવી, અશોકભાઈ ભટ્ટ, પૂર્વ મેયર આદ્યશક્તિબેન મજમુદાર, ડૉ. ડી.પી.ચીખલીયા, પલ્લવીબેન ઠાકર, ભારતીય મજદૂર સંઘના નવનીતભાઈ શાહ, માર્કંડભાઈ જોશી, પૂર્વ નગરસેવક ભુપતભાઈ શેઠીયા , સામ્યવાદી પાર્ટીના બટુકભાઈ મકવાણા, આરતીબેન જોશી, દાતાર સેવક બટુક બાપુ , ભૂતપૂર્વ જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ.મહેશ વારા સહિતના અનેક રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહયા હતા. શાસ્ત્રી શ્રી ચેતનભાઈ શુકલ , ડૉ. જય રાણીંગા, તેમજ વિવિધ શ્રેત્ર સાથે જોડાયેલા મહિલાઓ તેમજ પઢિયાર પરિવારનાં તમામ સભ્યોએ રક્તદાન કર્યુ હતું. જૂનાગઢના વિવિધ શ્રેત્રના લોકોએ ઉત્સાહભેર રક્તદાનમાં ભાગ લઈ અને ૪૬ જેટલા રક્તદાતાએ રક્તદાન કરીને સ્વ.નારસિંહભાઈ પઢિયારને શ્રદ્ધાંજલિ આપી હતી. આ રક્તદાન કેમ્પને સફળ બનાવવા સર્વોદય બ્લડ બેન્ક દવા ટ્રસ્ટ અને રેડક્રોસ સોસાયટી જૂનાગઢના ખમીર મજમુદાર તેમજ સ્વ. શ્રી નરસિંહ પઢિયાર પરિવાર અને મિત્રો જહેમત ઉઠાવવામાં આવી હતી. આ રક્તદાન કેમ્પમાં કમલેશભાઈ ચાવડા દ્વારા દરેક રક્તદાતાઓને તેમના તરફથી ચકલીના માળાનું વિતરણ કરવામાં આવેલ આમ આ પ્રસંગે સૌ સામાજિક અને ધાર્મિક સંસ્થાના આગેવાનોએ હાજર રહીને પોતાની શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી. રક્તદાન કેમ્પ ઉપરાંત પઢિયાર પરિવાર દ્વારા મયારામ આશ્રમ ખાતેના સૌ વિદ્યાર્થીઓ તેમજ સામવેદ સંસ્કૃત પાઠશાળાના સહુ વિદ્યાર્થીઓ તેમજ મેંદરડા ખાતે આવેલી અપંગ બાળકોની સંસ્થાના સહુ બાળકોને ભોજન કરાવવામાં આવેલ હતું.

# જૂનાગઢમાં ગોસાઈ ડાડા હીરાપુરીજી સિંધ સુતીયારે વાળાના વરસી ઉત્સવની ઉજવણી કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢમાં ૧૦૦૮ ગોસાઈડાડા હીરાપુરીજી સિંધ સુતીયારેવાળાનો આગામી તા.૬ને શનિવારે ઝુલેલાલ મંદિર આદર્શનગર-૧ ખાતે વરસી ઉત્સવ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવશે. કાર્યક્રમ અંતર્ગત સવારે ૭:૩૦ થી ૯:૩૦ ગાયત્રી યજ્ઞ ત્યારબાદ પૂજા અર્ચના, શ્રીમદ ભાગવત ગીતાજીના અખંડ પાઠ, સાંજે ભોગ સાહેબની પૂર્ણાહુતિ થયા બાદ સત્સંગ કીર્તન, આરતી, રાત્રે ૮ વાગ્યે ઉત્તમભાઈ ઝુલેલાલ મ્યુઝિક ગ્રુપ રાજકોટનો મ્યુઝીકલ કાર્યક્રમ અને ત્યારબાદ પલ્લવ પ્રસાદ અને મંદિર સામે આવેલ શાંતિ પ્રકાશ હોલ ખાતે ભંડારાનો કાર્યક્રમ યોજાશે.

આ ઉપરાંત ગુરુપૂર્ણિમા મહોત્સવ નિમિત્તો ઝુલેલાલ મંદિર ખાતે તા.૨૧ જુલાઈને શનિવારે પૂજા-અર્ચના, ભંડારો અને અજમેર વાળા ભગતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# વિસાવદર કોર્ટ ચેક રિટર્ન કેસોમાં એક જ આરોપીને જુદા જુદા ચાર કેસમાં બે-બે વર્ષની સજા તથા ચેકની બમણી રકમનો દંડ ફટકારતા ચકચાર

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદરતા.૩

વિસાવદર કોર્ટમાં ચાલતા રકમ હાથ ઉછીની લઈને ચેક આપી ચેકમાં જુદા પ્રકારની સહી કરી ચેક રિટર્ન કરાવનાર આરોપીને વિસાવદર કોર્ટ દરેક કેસ દીઠ બે બે વર્ષની સજા તથા ચેકની રકમનો બમણો દંડ ફટકારતા ચકચાર મચી ગયેલ છે.

આ અંગેની વિગત એવા પ્રકારની છે કે વિસાવદર તાલુકાના સરસઈ ગામે રહેતા અને ખેતીકામ કરી પોતાનું ગુજરાન ચલાવતા ભીખાલાલ મનજીભાઈ જોધાણી ને તેના જ ગામમાં રહેતા વિરડીયા રજનીકભાઈ મુકેસભાઈને તેના કાજુ બદામના ધંધાના વિકાસ માટે રૂપિયા ૭,૪૧,૦૦૦/-ની જરૂર પડતા ફરિયાદી ભીખાલાલ પાસેથી હાથ ઉછીના લીધેલા જેમા ત્રણ લાખ ચેકથી આપેલ અને રૂપિયા ૪,૪૧,૦૦૦/- ફરિયાદી તથા તેમના પુત્રએ બેન્કમાંથી લોન લીધેલ તેમજ ખેતીની જમીનોની ઉપજ રકમ કરી કુલ રૂપિયા સાત લાખ એકતાલિશ હજાર પુરા હાથ ઉછીના આપેલ અને આરોપીએ તે રકમનું ચુકવણું કરવા માટે તેની એક્સીસ બેન્ક વિસાવદર શાખાનો ચેક આપેલ જે ચેક પણ તેઓએ બેન્કમાંથી ડ્રોઅર સિગ્નેચર ડીફરના સેરા સાથે પરત કરાવેલ ત્યારબાદ ફરીએ અવારનવાર આરોપીએ આપેલ ચેક પરત ફરેલ હોવાની આરોપીને જાણ કરવા છતાં રકમ નહિ ચૂકવતા ફરિયાદીએ તેમના એડવોકેટ નયનભાઈ જોશી મારફતે આરોપીને નોટિસ આપેલ આરોપીએ નોટીસનો કોઈ જવાબ નહિ આપતા ફરિયાદીના વકીલ દ્વારા કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવેલી જેમાં આરોપીએ ફરિયાદ વાળો ચેક ખોટી મેળવી તેમાં ખોટી રકમ,તારીખ નાખી ચેકનો દૂર ઉપયોગ કરેલ હોવાની તકરારો લીધેલ હતી અને ચેકમાં તેઓની સહી નથી તેવી તકરાર લેતા બેંકને ફરિયાદીએ પોતાના સાક્ષી તરીકે બોલાવી આરોપીની સહી સિગ્નેચર કાર્ડ સાથે મેળવી જુબાની લીધેલ હતી ત્યારબાદ આરોપીનો જવાબ લેવામાં આવેલ જેમાં પણ આરોપીએ ઉપર મુજબનો બચાવ લીધેલો હતો.

આ કામમાં ફરિયાદી વતી વિસાવદર ના એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે તથા અન્ય કોર્ટોના વિવિધ ચુકાદાઓ તથા કાયદાકીય જોગવાઈઓ સાથેની દલીલો કરતા વિસાવદર કોર્ટ આરોપીને આ કેસમાં રૂપિયા સાત લાખ એકતાલિશ હજાર પુરાની રકમ સામે ચૌદ લાખ બિયાસી હજાર પુરાનો દંડ તથા બે વર્ષની સજા અને દંડની રકમ ન ભરે તો વધુ છ માસની સજા ફટકારતા ચકચાર મચી ગયેલ છે આજ આરોપી સામેના જુદા જુદા અન્ય ત્રણ કેસોમાં જુદા જુદા ફરીયાદી હતા તેવા અન્ય ત્રણ કેસમાં પણ બે બે વર્ષની સજા તથા ચેકની બમણી રકમનો દંડ ફટકારતા રકમ મેળવી ચેકો આપનારા લોકોમાં ફફડાટ મચી ગયેલ છે.

# યાત્રાધામ દ્વારકામાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના આગેવાનો દ્વારા રાહુલ ગાંધી હાય હાય ના નારા સાથે વિરોધ કર્યો

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૪



દ્વારકાના ત્રણબત્તી ચોકમાં વિશ્વ હિન્દુ પરિષદ નાં કાર્યકરો દ્વારા રાહુલ ગાંધીના બેનર પર ચંપલ મારી વિરોધ કરાયો બજરંગ દળ તેમજ વિશ્વ હિન્દુ પરિષદ નાં કાર્યકરો દ્વારા રાહુલ ગાંધી માફી માંગે રાહુલ ગાંધી હિન્દુ વિરોધી છે જેવા નારા લગાવ્યા.રાહુલ ગાંધી ભારત દેશના હિન્દુ ની માફી નહીં માંગે તો આવનારા દિવસોમાં જલદ કાર્યક્રમો યોજાશે લોકસભામાં રાહુલ ગાંધી દ્વારા હિન્દુઓ વિરુદ્ધ કરવામાં આવલી ટિપ્પણી અત્યંત આપત્તિજનક અને સમગ્ર હિન્દુ સમાજની લાગણીઓને આઘાત પહોંચાડનારી છે જેના વિરોધમાં બજરંગ દળ તેમજ વિશ્વ હિન્દુ પરિષદના દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢમાં રથયાત્રાને લઇ એસપીના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક મળી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી બીજના પાવન દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમ્યાન કાયદો વ્યવસ્થા, સુરક્ષા જળવાઈ રહે તે સંદર્ભે એસપી હર્ષદ મહેતાના અધ્યક્ષ સ્થાને પોલીસ હેડ ક્વાર્ટર ખાતે શાંતિ સમિતિની બેઠક મળી હતી. જેમાં વિવિધ સમાજ, કોમના ૪૨ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અને પોલીસ તંત્રને તમામ પ્રકારનો સહયોગ આપવાની ખાતરી આપી હતી.

# મેંદરડા નજીક છરીની અણીએ રૂા. ૧.૪૪ લાખના ૩૬ કિલો વાળની લૂંટ : ત્રણ ઝડપાયા

(ક્રાઈમ રીપોટર દ્વારા)

જૂનાગઢ તા.૪

સોના-ચાંદી, રૂપિયા, દાગીનાનાં લૂંટનાં બનાવો બનતા હોવાનું જગજાહેર છે. પરંતુ હવે માનવ વાળની લૂંટ થઈ હોય તેવો બનાવ પણ નોંધાયો છે. જેમાં મેંદરડાના બે પિતરાઈ ભાઈને બાઈક સહિત ઈકો કારથી આંતરી ૩ શખ્સ છરીની અણીએ રૂપિયા ૧.૪૪ લાખની કિંમતના ૩૬ કિલો વાળ અને રૂપિયા ૩૦,૦૦૦નું બાઈક મળી કુલ રૂા.૧.૭૪ લાખની મતા ૧૫ મિનીટમાં લૂંટી નાસી ગયાની ફરીયાદ મેંદરડા પોલીસમાં નોંધાતા મેંદરડા પોલીસે ગણતરીના સમયમાં આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. મેંદરડાના સામા કાંઠા વિસ્તારમાં રહેતા અને માનવ વાળ લે-વેચનો ધંધો કરતા બાલુભાઈ ઉર્ફે બાલો જીલુભાઈ વાઘેલા(ઉ.વ.૨૭) અને તેનો પિતરાઈ ભાઈ નરસીભાઈ વાઘેલા મંગળવારે સવારે સાવરકુંડલા તાલુકાના લીખાળા ગામે રહેતા પિતરાઈ રાજુ વાઘેલાનો ફોન આવતા તેની પાસે માનવ વાળ લેવા જીજે-૧૪-બીએફ-૩૧૯૦ નંબરના બાઈક ઉપર મેંદરડાથી સવારે ૯ વાગ્યે નીકળ્યા હતા. દરમ્યાન બંને ચલાલા પાસે પહોંચતા રાજુ વાઘેલા તેની બાઈક ઉપર રૂા.૧.૪૪ લાખની કિંમતના ૩૬ કિલો વાળનો કોથળો લઈને આવતા તેની પાસેથી માનવ વાળના જથ્થા સાથે મેંદરડા પરત આવવા નીકળ્યા હતા. બપોરે અઢી પોણા-ત્રણ વાગ્યાની આસપાસ જામકા ચોકડીથી મોટી ખોડીયાર ગામની વચ્ચે પહોંચતા જીજે-૩૨-ટી-૫૪૫૦ નંબરની ઈકો કારમાં આવેલા ૩ શખ્સે બાલુભાઈ તથા નરસી વાઘેલાને તેની બાઈક ઉપર રૂપીયા ૧.૪૪ લાખની કિંમત ૩૬ કિલો વાળનો કોથળો લઈને આવતા તેની પાસે માનવ વાળના જથ્થા સાથે મેંદરડા પરત આવવા નીકળ્યા હતા. બપોરે અઢી-પોણા ત્રણ વાગ્યાની આસપાસ જામકા ચોકડીથી મોટી ખોડીયાર ગામની વચ્ચે પહોંચતા જીજે-૩૨-ટી-૫૪૫૦ નંબરની ઈકો કારમાં આવેલા ૩ શખ્સે બાલુભાઈ તથા નરસી વાઘેલાને બાઈક સહિત આંતરી બંનેને ઉભા રાખી છરી બતાવી વાળનો કોથળો અને બાઈકની લૂંટ ચલાવીને નાસી ગયા હતા. આ અંગે ફરિયાદ થતા પીએસઆઈ એસ.એન. સોનારાએ ૪ ટીમને સક્રિય કરી કોડીનારના વિરાટનગરમાં રહેતા આરોપી આસીફ જુમ દલ, દિનેશ બાબુ સોલંકી અને સફીર મહમદ સોલંકીને મેંદરડા પાસેથી માનવ વાળ, ઈકો, છરી અને બાઈક સાથે માત્ર ૧૭ કલાકમાં જ ઝડપી લઈને વધુ તપાસ હાથ ધરી હતી.

# જૂનાગઢ જીલ્લામાં ગત વર્ષ કરતા બાલવાટીકામાં ૭૪૦૧ અને ધો.૯માં ૯૬૪૪ છાત્રો ઘટ્યા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢ જિલ્લામાં ૭૧૭ પ્રાથમિક શાળા, ૨૨૩ માધ્યમિક અને ઉચ્ચરતર માધ્યમિક શાળાઓમાં તારીખ ૨૬ થી ૨૮ જૂન ત્રણ દિવસીય પ્રવેશોત્સવનું આયોજન કરાયુ હતું. જેમાં બાલવાટીકા, ધોરણ ૧, ૯ અને ૧૧માં નવા છાત્રોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ વર્ષે જાણે જૂનાગઢ જિલ્લામાં પ્રવેશોત્સવ ફળ્યો ન હોય તેવી સ્થિતી જોવા મળી છે. જેમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે બાલવાટીકામાં ૭૪૦૧, ધોરણ ૯માં ૯૬૪૪ અને ધોરણ ૧૧માં ૩૩૪૨ બાળકોનો ઘટાડો નોંધાયો છે. આ અંગે શિક્ષણાધિકારી કચેરીએથી મળતી માહિતી અનુસાર જૂનાગઢ જિલ્લામાં ૭૧૭ પ્રાથમિક શાળા, ૨૨૩ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ત્રણ દિવસીય પ્રવેશોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં બાલવાટીકા ધોરણ ૧, ૯ અને ૧૧ના છાત્રોને બેગ, ગણવેશ, શૈક્ષણિક કિટ, પાઠ્યપુસ્તકનું વિતરણ કરાયું હતું. જેમાં રાજ્ય અને જિલ્લાના અધિકારી-પદાધિકારી જોડાયા હતા. પરંતુ આ વર્ષે પ્રવેશોત્સવ કરવાથી કોઈ ફાયદો ન થયો હોય તેવું જૂનાગઢ જિલ્લામાં જોવા મળ્યુ હતું. વર્ષ- ૨૦૨૩માં જિલ્લામાં વાવાઝોડાને લઈને પ્રવેશોત્સવનું આયોજન કરાયુ ન હતુ છતા પણ વર્ષ- ૨૦૨૪ના પ્રવેશોત્સવમાં ગત વર્ષ કરતા બાળકો ઘટ્યા છે. જેમાં ધોરણ ૧માં વધારો પરંતુ બાલવાટીકામાં ૭૪૦૧ અને ધોરણ ૯માં ૯૬૪૪ અને ધોરણ ૧૧માં ૩૩૪૨ છાત્રો ઘટ્યા છે. પ્રવેશોત્સવ- ૨૦૨૪માં ધોરણ ૧૧માં ગત વર્ષની સરખામણીએ ૩૩૪૨ છાત્રો ઘટ્યા છે. જે બાબતે જૂનાગઢ જિલ્લા ડીઈઓ ભાવસિંહ વાઢેરે જણાવ્યું કે, આ વર્ષે ધોરણ ૧૦નું પરીણામ ૧૦ ટકા ઓછું આવ્યું છે. તેમજ પ્રવેશોત્સવ પછી પણ પ્રવેશ પ્રક્રીયા ઓગસ્ટ માસ સુધી ચાલનાર છે અને ઘણા છાત્રો ધોરણ ૧૦ પછી ડિપ્લોમાં સહિતના ટેકનીકલ કોર્સમાં જતા રહે છે. જેના કારણે સંખ્યામાં ઘટાડો થયો છે. આ વર્ષે પ્રવેશોત્સવ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં બાલવાટીકામાં ૮૪૪૧ અને ધોરણ ૧માં ૬૫૦૭ છાત્રોએ પ્રવેશ મેળવ્યો છે. જેમાં ગત વર્ષની સરખામણીએ બાલવાટીકામાં ૭૪૦૧ છાત્રો ઘટ્યા છે. ધોરણ ૧માં ૧૯૮૫ છાત્રો વધ્યા છે.

# નર્સિંગ, ફિઝીયોથેરાપી સહિતના ૯ પેરા મેડિકલ કોર્સમાં ૧૫ જુલાઈ સુધી રજીસ્ટ્રેશન કરી શકાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

નર્સિંગ, ફિઝિયોથેરાપી સહિતના ૯ પેરા મેડિકલ કોર્સની બેઠકો ઉપર પ્રવેશની ઓનલાઈન રજિસ્ટ્રેશન કાર્યક્રમની જાહેરાત કરાઈ છે. જેમાં તારીખ ૪થી ૧૫ જુલાઈ સુધીમાં ઓનલાઇન પીન, રજીસ્ટ્રેશન કરી શકાશે. જ્યારે ૫મીથી ૧૬ જુલાઈ દરમ્યાન હેલ્પ સેન્ટર ખાતે અરજી કરવા માટેની તેમ જ અસલ ડોક્યુમેન્ટ્સની ચકાસણી માટેની પ્રક્રિયા રખાઈ છે. પેરા મેડિકલ કોર્સમાં બીએસસી નર્સીંગ, જીએનએમ, એએનએમ, બીપીટી, બીપીઓ, બીઓટી, બીઓ, બીએનવાઈએસ, બીએકએસએલપી જેવા ૯ પેરામેડિકલ કોર્સમાં રાજ્યભરમાં બીએસસી નર્સિંગની ૪૦૦ સરકારી તથા ૧૪૧૧૫ સેલ્ફ ફાઈનાન્સ બેઠકો, જીએનએમની ૯૧૫ સરકારી, ૧૮૩૮૦ સેલ્ફ ફાઈનાન્સ બેઠક, એએનએમની સરકારી ૬૫૦ અને સેલ્ફ ફાઈનાન્સની ૧૦૧૯૦ બેઠકો, બીપીટીની સરકારી ૩૮૦ અને ૪૫૫૫ સેલ્ફ ફાઈનાન્સ બેઠક, બીપીઓની ૧૦, બીઓટીની ૧૦ સરકારી બેઠકો, બીઓની ૩૧૦ સેલ્ફ ફાઈનાન્સ, બીએનવાયએસની ૩૦ અને બીએએસએલપીની ૫૦ સેલ્ફ ફાઈનાન્સ બેઠક ઉપર તારીખ ૪થી ૧૫ જુલાઈ સુધીમાં ઓનલાઈન પીન, રજીસ્ટ્રેશન કરી શકાશે તેમ જણાવેલ છે. જૂનાગઢના નર્સિંગ પ્રોફેસરએ જણાવ્યું કે, તારીખ ૪ થી ૧૫ જુલાઈ સુધીમાં ૯ પેરા મેડિકલ કોર્ષમાં રજીસ્ટ્રેશન કરી શકાશે. ખાસ કરીને બીએસસી નર્સિંગ, ફીઝીયોથેરાપી, **GNM**(જનરલ નર્સીંગ મીડવાઈફ્રી), **ANM**(ઓકઝીલરી એન્ડ મીડવાઈફ) આ ૪ કોર્સની વધારે પસંદગી છાત્રો કરી રહ્યા છે. જેમાં ધોરણ ૧૨ માં બી ગૃપથી પાસ કરનાર વિદ્યાર્થીઓની પહેલી પસંદ બીએસસી નર્સીંગ અને ફીઝીયોથેરાપી કોર્સ છે. જેમાં જીએનએમમાં ૬૫ ટકાએ, બીએસસી નર્સિંગમાં ૭૦ ટકાએ, ફીઝીયોથેરાપી ૭૦ ટકા માર્કે છાત્રોને પ્રવેશ મળી રહે છે.

# માનવ કલ્યાણ યોજનાનો લાભ લેવા ઈચ્છુક નાગરિકો ઇ-કુટિર પોર્ટલ અથવા મોબાઈલ એપ દ્વારા અરજી કરી શકશે

## ઔદ્યોગિક સહકારી મંડળીઓની હાથશાળાના જિઓ ટેગીંગ દ્વારા ઓનલાઈન વેરિફિકેશન માટેની મોબાઈલ એપ મંત્રીના હસ્તે લોન્ચ કરાઈ



(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૪

રાજ્યના છેવાડાના દરેક નાગરીકોને સ્વરોજગારી આપવા રાજ્ય સરકાર સતત કાર્યરત છે. રાજ્યના નાના નાના પ્રકારના ધંધા રોજગાર કરતાં સમાજના નબળા વર્ગના નાગરિકોને માનવ કલ્યાણ યોજના અંતર્ગત સાધન-ઓજારો એટલે કે, ટૂલકિટ આપવામાં આવે છે. આ યોજનાની વર્ષ ૨૦૨૪-૨૫ માટેની અરજી કરવાનો ગાંધીનગર ખાતેથી કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતના હસ્તે શુભારંભ કરાયો હતો. રાજ્યના અરજદારો આગામી બે મહિના સુધી આ **www.e-kutir.gujarat.gov.in** પોર્ટલ મારફતે ઓનલાઈન અરજી કરી શકશે. આ ઉપરાંત મંત્રીના હસ્તે વળતર માન્યતા ધરાવતી ઔદ્યોગિક સહકારી મંડળીઓની હાથશાળોના જિઓ ટેગીંગ દ્વારા ઓનલાઈન વેરિફિકેશન માટેની મોબાઈલ એપ પણ લોન્ચ કરવામાં આવી.

માનવ કલ્યાણ યોજના અંતર્ગત દૂધ દહીં વેચનાર, અથાણાં-પાપડ બનાવટ, ભરતકામ, બ્યુટીપાર્લર જેવા વિવિધ ૧૦ પ્રકારની પ્રવૃત્તિઓ માટે વિના મૂલ્યે ટૂલકીટ આપવામાં આવે છે. આ યોજનામાં ૧૮ થી ૬૦ વર્ષની વયના અને જેઓની કુટુંબની વાર્ષિક આવક રૂ. ૬ લાખ સુધીની હોય તેવા તમામ લાભાર્થી આ યોજનાનો લાભ લઈ શકે છે.

છેવાડાના નાગરીકોનું જીવનધોરણ વધુ ઊંચુ લાવવા માટેની આ યોજનાનો લાભ વધુને વધુ નાગરિકો સુધી પહોંચે તે માટે રાજ્ય કક્ષાએ હેલ્પડેસ્ક પણ શરૂ કરવામાં આવેલ છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચકાસણીને અંતે પસંદ કરેલ અરજીઓ પૈકી ઓનલાઈન ડ્રો સિસ્ટમ દ્વારા મંજૂરી મેળવેલ લાભાર્થીઓને નિયત નાણાંકીય મર્યાદામાં પસંદગી મુજબના સાધન-ઓજાર વિનામુલ્યે ઈ-વાઉચર દ્વારા આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના સચિવ પ્રવિણ કે. સોલંકી, નાયબ સચિવ નિલેશ મોદી, ઉપ સચિવ યોગીના પટેલ, સંયુક્ત નિયામક એ.એમ.પંચાલ, પ્રોજેક્ટ મેનેજર જી.એલ. પટેલ અને પી.ટી.પરમાર , તથા પી.એમ.યું. ટીમના આઈટી એક્સપર્ટ ધ્રુમિલ પ્રજાપતિ તેમજ જી.આઈ.પી.એલના મેનેજર જયદીપસિંહ સોલંકી સહિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બિલખાની તરૂણીનું વોકળાનાં પાણીમાં ડુબી જતાં મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૪

બિલખાના નાગ્રેચાવાડીમાં રહેતા આશાબેન મહેશભાઈ મકવાણા (ઉ.વ. ૧૧)ને નાનપણથી જ માનસિક અસ્થિર હોય અને તે પોતાની મેળે ઘરેથી એકલી નીકળી જઈ ઘરની બાજુમાં આવેલ વોકળાનાં પાણીમાં ડુબી જતાં મૃત્યું પામેલ છે.

જયારે માળીયા હાટીનાના કાત્રાસા ગામનાં ઉકાભાઈ હિરાભાઈ પરમાર (ઉ.વ. ૬૫)ને ઈલે. શોર્ટ લાગતાં રાજકોટ ખાતે સારવાર દરમ્યાન મૃત્યું પામેલ છે.

# સોમનાથ -નાથદ્વારા એસટી બસનું સંચાલન વેરાવળ એસટી તંત્રને સોપવા માંગણી

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૪

નાથદ્વારા રૂટ રીટર્ન કેશોદ સુધીજ હોવાથી વેરાવળ-સોમનાથ વિસ્તારના સીનીયર સિટીઝન, મહીલાઓ,બાળકો સાથે હેરાન પરેશાન થાય છે. આ રૂટનુ સંચાલન કેશોદને બદલે વેરાવળ એસ ટી તંત્રને સોપવા અનેક રજુઆત કરવા છતાં એસ.ટી તંત્ર આ રજૂઆતોનો ઉલાળીયો કરે છે.

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ અને ગીર સોમનાથ જીલ્લાના મુખ્ય મથક વેરાવળ-સોમનાથને સોમનાથ-નાથદ્વારા રૂટ શરૂ કરેલ પણ આ રૂટનું સંચાલન કેશોદ એસ.ટી તંત્રને સોપી રીટર્ન નાથદ્વારાથી સોમનાથને બદલે કેશોદ અડધી રાત્રીએ પહોચી કલાકો બાદ સવારે નવ કલાકે સોમનાથ ખાલીખમ ફોગટનું ડિઝલ બગાડી આવતી હોય આ રૂટ નાથદ્વારાથી તેમજ અમદાવાદ તરફથી વેરાવળ સોમનાથના મુસાફર સીનીયર સિટીઝન મહીલાઓ બાળકો સહિત કેશોદ ડેપો ઉપર અડધી રાત્રીએ ઉતરી હેરાન પરેશાન થઈ બીજી બસ બદલી વેરાવળ-સોમનાથ પહોંચવાની ફરજ પાડી રહેલ અને આ રૂટ કેશોદના રાજકીય કાવાદાવાથી સંચાલન કેશોદ ડેપોને મળેલ આ રૂટ વેરાવળ એસ ટી તંત્રને સંચાલન બાબત ગીર સોમનાથ ભારતીય જનતા પાર્ટી જીલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયાએ વર્ષ અગાઉ વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીને કરેલ રજુઆત પણ ન ફળેલ હાલ આ રૂટ ડાયરેકટ સોમનાથ સુધી ફોગટના ડીઝલના બગાડ કરી સોમનાથ આવતી હોય આ રૂટ વેરાવળ એસટી તંત્રને સંચાલન સોપવા કોઈ ગીર સોમનાથ ભારતીય જનતા પાર્ટી દ્વારા યોગ્ય ભલામણ કરી સોમનાથ વિસ્તારને આ રૂટની અમુલ્ય ભેટ આપશે ખરા ? તેવો સવાલ લોકો પુછી રહ્યા છે.

# જૂનાગઢ જીલ્લાના વિવિધ તાલુકાઓમાં ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અંતર્ગત ક્લસ્ટર બેઝ તાલીમનું આયોજન



જૂનાગઢ, તા.૪

રાજયમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને વધૂમાં વધૂ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે રાજય સરકાર દ્વારા તથા રાજયપાલશ્રીના માર્ગદર્શન હેઠળ ઝુંબેશના રૂપમાં કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત તાજેતરમાં જૂનાગઢ જિલ્લાના જુદા-જુદા તાલુકા વિસ્તારોમાં પ્રાકૃતિક કૃષી અંતર્ગત ખેડૂતો સાથે ક્લસ્ટર બેઝ તાલીમનું આયોજન કરાયુ હતુ. આ ક્લસ્ટર બેઝ તાલીમ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લાના વિવિધ તાલુકાઓમા પ્રાકૃતિક કૃષીની તાલીમો ટેકનિકલ માસ્ટર ટ્રેનરો દ્વારા આપવામાં આવી હતી. જેમાં કૃષી તથા બાગાયત વિભાગના તાંત્રિક સ્ટાફ તેમજ ફાર્મર માસ્ટર ટ્રેનરો જે ખેડૂતો પ્રાકૃતિક કૃષી કરી રહ્યા છે, તેમના દ્વારા આ તાલીમો આપવામાં આવી હતી. તાલીમમાં પ્રાકૃતિક કૃષી વિશે વિસ્તૃતમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ઉપરાંત તાલુકા પંથકમાં આવેલા ખેડૂતો કેવી રીતે પ્રાકૃતિક કૃષી તરફ વળે અને વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવે તે અંગે ખેડૂતોને તાલીમ માર્ગદર્શન આપી તેની સમજણ પૂરી પાડવામાં આવી હતી.

# રાજકોટ જીલ્લા યુવા ભાજપ મોરચા દ્વારા રાહુલ ગાંધીના હિન્દુત્વ ઉપર વિવાદિત નિવેદન લઈને વિરોધ પ્રદર્શન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૪




રાજકોટ જીલ્લા ભારતીય જનતા યુવા મોરચા દ્વારા રાહુલ ગાંધીનો કોંગ્રેસ કાર્યાલય ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનામાં હાલ ૨૦૨૪ના ચોમાસા સત્ર દરમ્યાન લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધી દ્વારા લોકસભામાં હિન્દુ ધર્મને હિંસા અને હિંદુ ધર્મના લોકોને હિંસક ગણાવી સમગ્ર ભારત દેશના હિન્દુત્વવાદી વિચારધારા તથા સમગ્ર દેશમાં રહેલ હિન્દૂ લોકોનું અપમાન કર્યુ છે. આ સમગ્ર ઘટનાને ભારતીય જનતા પાર્ટી વખોડી કાઢે છે. આ કોંગ્રેસની તાનાશાહી હિન્દુત્વ વિરોધી લોકોને પાઠ ભણાવવા માટે યુવા મોરચા દ્વારા સમગ્ર દેશની અંદર કોંગ્રેસ કાર્યાલય ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ જીલ્લા યુવા મોરચા દ્વારા જીલ્લા પંચાયત ચોકથી કોંગ્રેસ કાર્યાલય સુધી સુત્રોચાર સાથે રેલી કાઢી રાહુલ ગાંધી 'કોંગ્રેસના હાય હાય'ના નારા લગાવી વિરોધ પ્રદર્શન કર્યુ હતું. વિરોધ પ્રદર્શનમાં રાજકોટ જીલ્લાના અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, રાજકોટ જીલ્લા મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાની ઉપસ્થિતીમાં રાજકોટ જીલ્લા યુવા મોરચા પ્રમુખ અશ્વિનભાઈ મોલીયાની અધ્યક્ષતામાં તેમજ રાજકોટ જીલ્લા યુવા મોરચા મહામંત્રી દેવભાઈ કોરડીયા, વિમલભાઈ રાઠોડ તથા સમગ્ર જીલ્લા તેમજ મંડલના યુવા મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ તથા જીલ્લા, મંડલના યુવા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિતિ રહ્યા હતા.તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવે છે.

# ભેંસાણની સરકારી વિનયન કોલેજમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા નવા ક્રિમિનલ લો ૨૦૨૩ વિશે અવેર્ન્સ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

ભેંસાણ, તા.૪



ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ એ બ્રિટિશ યુગના કોલોનીઅલ લો- ઈન્ડિયન પીનલ કોડનું સ્થાન લેશે. કેન્દ્ર સરકારે તા.૦૧/૦૭/૨૦૨૪ના રોજ ત્રણ નવા ક્રિમિનલ લૉ લાગુ કરવાનું નક્કી કર્યુ છે.ઉક્ત સંદર્ભ અન્વયે સરકારી વિનયન કોલેજ ભેંસાણ માં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા. ૨૦૨૩; ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ નું અમલીકરણ વિશે ફેકલ્ટી મેમ્બર્સ અને વિદ્યાર્થીઓમાં આ વિશે જાગૃતતા ફેલાય તે માટે તારીખ ૦૧/૦૭/૨૦૨૪ ના રોજ વર્કશોપ, ક્વિઝ સ્પર્ધા અને સેમિનારનું આયોજન કરવા આવ્યુ હતુ. આ સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડો. ભરતકુમાર બી. બાંભણીયા સાહેબ દ્વારા આપવામાં આવ્યું હતું. નવા કાયદાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ભારતીય ન્યાય સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ કહેવામાં આવશે. કલમ ૧૨૪ , કલમ ૧૪૪, કલમ ૩૦૨ , કલમ ૩૦૭ , કલમ ૩૭૬ , કલમ ૩૯૯, કલમ ૪૨૦ જે મહત્વપૂર્ણ કલમોમાં ફેરફારો થયા તેનાં વિષે વિદ્યાર્થીઓ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોલેજ ના એફ.વાય ,એસ.વાય અને ટીવાય માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી બોહળા પ્રમાણમાં જોડાયા હતા. કોઓર્ડીનેટર આ.પ્રો.ડૉ.સચિન પીઠડીયા , ડૉ . પી વી.ગુરનાણી પ્રા. દિલીપ ગજેરા સાહેબે એ કાર્યક્રમનું સંકલન કર્યું હતું.આ તકે ડૉ.સરોજબેન નારીગરા, ડૉ. પંકજ સોંદરવા સાહેબ, ડૉ.સંજય બંધીયા સાહેબ, ડૉ. પંકજ સોલંકી સાહેબ ,ડૉ. વિશ્વજીત કવા સાહેબ, ડો.અજય જોષી સાહેબ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# ઉનામાં રાહુલ ગાંધીએ હિન્દુ વિરોધી ટીપણી કરતા આવેદનપત્ર આપી રેલી યોજી વિરોધ નોધાવિયો

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૪



લોકસભામાં સાંસદ રાહુલ ગાંધીએ હિન્દુ વિરોધી અને હિન્દુ ધર્મના દેવતાઓ વિરોધી ટીપણી કરતા ઉના વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળની આગેવાની હેઠળ રેલી કાઢી પ્રાંત કચેરીએ આવેદનપત્ર આપી વિરોધ કરિયો હતો. તાજેતરમાં ભારતના સંસદ ગૃહમાં હિન્દુ વિરોધી માનસિકતા ધરાવતા સાંસદ રાહુલભાઈ ગાંધીએ તેમના પ્રવચનમાં પવિત્ર અને ધર્મપ્રેમી હિન્દુ સમાજને હિંસક ગણાવી હિન્દુ સમાજ વિષે અપ શબ્દોથી અપમાનિત કરી હિન્દુ સમાજની લાગણી દુભાવેલ છે. ભગવાન શિવજી વિશે અને સમસ્ત ભગવાન વિશે ટીપણી કરેલ તેનો સમગ્ર દેશમાં વિરોધ ઉઠિયો છે. જેના ભાગરૂપે ઊના વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળની આગેવાની હેઠળ ઊનાના આગેવાનો નીપૂલભાઈ શાહ, રામજીભાઈ પરમાર, ચેમ્બર પ્રમુખ ઈશ્વરભાઈ જેઠવાની, પ્રવીણભાઈ જીવાભાઈ, ચંદુભાઈ કોટેચા, મનોજભાઈ બાંભણિયા, યશવંતભાઈ બાંભણિયા, જીતુભાઈ શેઠ સહિત ઊના શહેર અને તાલુકામાંથી વિશાળ સંખ્યામાં હિન્દુ આગેવાનો હાજરી આપી ટાવર ચોકથી વિશાળ રેલી કાઢી રાહુલ ગાંધીને સાંસદ પદેથી દુર કરવા અને જાહેરમાં હિન્દુ સમાજની માફી માંગે તેવા સુત્રા ચારો કરી ઊના પ્રાંત કચેરીએ જઈ ભારતના રાષ્ટ્રપતીને સંબોધેલું આવેદન પત્ર ઊના પ્રાંત અધિકારીને આપી વિરોધ નોધાવિયો હતો.

# ખંભાળિયાની સરકારી હોસ્પિટલમાં વધતા જતા વાયરલ કેસો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૪

ખંભાળિયા શહેરમાં હાલ ચોમાસાની ઋતુ સાથે મિશ્રા ઋતુ જેવો માહોલ છવાયો છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલી સરકારી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક દિવસોથી આ ડબલ ઋતુના કારણે વાયરલ એવા ઝાડા-ઉલટી, તાવ, શરદી, ઉધરસના કેસો વધી રહ્યા છે. ત્યારે લોકોએ ખાવા પીવામાં પરેજી પાડવા તેમજ પાણી ઉકાળીને અથવા આર.ઓ.નું પીવા, બહારનો ખોરાક શક્ય હોય તો ટાળવા અથવા લેતા પહેલા સ્વચ્છતા અને ચોખ્ખાઈનું ધ્યાન રાખવા સરકારી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# એમકયોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડનો ઈક્વિટી શેર્સનો આઈપીઓ ૩ જૂલાઈ ૨૦૨૪ના રોજ ખુલશે

અમદાવાદ, તા.૪




એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ (કંપની) બુધવાર, ૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ (ઓફર) ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર સમયગાળો બિડ/ઓફર ખુલવાની તારીખ્ એટલે કે મંગળવાર, ૨ જુલાઈ, ૨૦૨૪ના કામકાજના એક દિવસ પહેલા રહેશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, ૫ જુલાઈ ૨૦૨૪ રહેશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા. ૯૬૦થી રૂા. ૧,૦૦૮ રહેશે. બિડ્સ લઘુતમ ૧૪ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૧૪ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

એમક્યોર ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ (કંપની) ના પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુના () ઈક્વિટી શેર્સ (ઈક્વિટી શેર્સ)ના આઈપીઓ જેનું મૂલ્ય રૂા. () સુધીના (ઓફર)ના ઈક્વિટી શેર દીઠ રૂા. ()ના કેશ પ્રાઈઝમાં (જેમાં ઈક્વિટી શેરદીઠ રૂા. ()ના શેર પ્રીમિયમનો સમાવેશ થાય છે) (ઓફર પ્રાઈઝ) જેમાં પ્રત્યેક રૂમ. ૧૦ની ફેસ વેલ્યુના () સુધીના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ, જેનું મૂલ્ય કંપની દ્વારા રૂા.૮,૦૦૦.૦૦ મિલિયન સુધીનું થાય છે (ફ્રેશ ઈશ્યૂ) અને પ્રત્યેક રૂા. ૧૦ની ફેસ વેલ્યુના ૧૧,૪૨૮,૮૩૮ ઈક્વિટી શેર્સ સુધીની ઓફર ફોર સેલ જેનું મૂલ્ય રૂા.() મિલિયન છે જેમાં સતીશ રમણલાલ મહેતા દ્વારા રૂા. () મિલિયન સુધીના પ્રત્યેક રૂા. ૧૦ની ફેસ વેલ્યુના ૪,૨૦,૦૦૦ ઈક્વિટી શેર્સ, નમિતા વિકાસ થાપર દ્વારા રૂ. () મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુના ૧૨,૬૮,૬૦૦ ઈક્વિટી શેર્સ, સમિત સતીશ મહેતા દ્વારા રૂા.() મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂા. ૧૦ની ફેસ વેલ્યુના ૧૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ અને સુનીલ રજનીકાંત મહેતા દ્વારા રૂા.() મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુના ૪૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર્સ (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ) તથા બીસી ઈન્વેસ્ટમેન્ટ્સ ૫ લિમિટેડ દ્વારા રૂા.() મિલાયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુના ૭૨,૩૪,૦૮૫ ઈક્વિટી શેર્સ (ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર), આરએચપીના એનેક્સ્ચર એ હેઠળ નક્કી કરાયેલા પ્રમોટર ગ્રુપ સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા રૂા.() મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુના ૧૩,૪૨,૫૮૬ ઈક્વિટી શેર્સ (પ્રમોટર ગ્રુપ સેલિંગ શેરહોલ્ડર્સ), અરૂણકુમાર પુરષોત્તમલાલ ખન્ના દ્વારા રૂા. () મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુના ૩,૦૦,૦૦ સુધીના ઈક્વિટી શેર્સ (ઈન્ડિવિડ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર) અને આરએચપીના એનેક્સ્ચર હેઠળ નક્કી કરાયેલા અન્ય સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા રૂા. () મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુના ૮,૧૩,૫૬૮ ઈક્વિટી શેર્સ ( અધર સેલિંગ શેરહોલ્ડર) અને પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ, પ્રમોટર ગ્રુપ સેલિંગ શેરહોલ્ડર્સ, ઈન્ડિવિડ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર અને ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ સાથે સેલિંગ શેરહોલ્ડર્સ તથા સેલિંગ શેરહોલ્ડર તરીકે દરેક વ્યક્તિ તથા સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની આવી ઓફર ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. ઓફરમાં લાયક ઠરતા કર્મચારીઓ દ્વારા સબ્સ્ક્રીપ્શન માટે રૂા. () મિલિયન સુધીના મૂલ્યના પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુના ૧,૦૮,૯૦૦ ઈક્વિટી શેર્સ સુધીના રિઝર્વેશનનો સમાવેશ થાય છે (એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન). કંપની બુક રનિંગ લીડ મેનેજર્સ સાથેની ચર્ચા કરીને એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન હેઠળ લાયક ઠરેલા કર્મચારીઓને બિડિંગ કરવા માટે ઈક્વિટી શેર દીઠ રૂા. ૯૦ સુધીનું ડિસ્કાઉન્ટ ઓફર કરી રહી છે (એમ્પ્લોઈ ડિસ્કાઉન્ટ). એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શનને બાદ કરતા બાકીની ઓફરને અહીં નેટ ઓફર તરીકે ગણવામાં આવશે. ઓફર અને નેટ ઓફરમાં કંપનીના પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલની અનુક્રમે () ટકા અને () ટકાનો સમાવેશ થાય છે. કંપની તેના દ્વારા લેવામાં આવેલા બાકીના ઉધારની સંપૂર્ણ કે તેના કેટલાક હિસ્સાની પૂર્વ ચૂકવણી અને/અથવા પુનઃચૂકવણી માટે તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઈશ્યૂની રકમનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે.

# પર્યાવરણ કાર્યકર અલ્તાફ કુરેશી દ્વારા પોતાને મળેલ એવોર્ડની રકમ મુખ્યમંત્રી રાહત ફંડમાં જમા કરાવી

જૂનાગઢ, તા.૪



જૂનાગઢના સામાજિક પર્યાવરણ કાર્યકર અલ્તાફ કુરેશી સમાજ ક્ષેત્રે ખાસ કરીને કલાઈમેટ ચેન્જ ક્ષેત્રે કરેલ વિશિષ્ટ કાર્યોને પરિણામે તેઓને થોડા સમય પૂર્વે આ ક્ષેત્રે ગુજરાત સરકારે એવોર્ડ થકી સન્માનિત કરવામાં આવેલ. આ એવોર્ડમાં રૂા.૭૫,૦૦૦ હજારની ધનરાશિ પણ એનાયત કરવામાં આવેલ. અલ્તાફ કુરેશી દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂા.૭૫,૦૦૦નો ચેક અર્પણ કર્યો. તેઓએ જણાવ્યું કે તેમના પિતાજીની પુણ્યતિથિ નિમિત્તે આ ધન રાશિ મુખ્યમંત્રી રાહત ફંડમાં અર્પણ કરીને ધન્યતા અનુભવુંછું. મુખ્યમંત્રીએ પણ સામાજિક કાર્યો પ્રત્યે કટિબદ્ધ અલ્તાફ કુરેશીના આ પગલાની પ્રશંસા કરતા શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, તારા મંડળ જૂનાગઢના ડાયરેક્ટ ભાવેશ જાદવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# મહુન્દ્રા ગીર ગૌ-સત્વ પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લેતા અધિકારીઓ

(વિનુ પુરોહીત દ્વારા) વિસાવદર, તા.૪



તારીખ-૩/૦૭/૨૦૨૪ના રોજ એમ. કે. દવે, કલેક્ટર, ગાંધીનગર દ્વારા ગામ-મહુન્દ્રા, તા-ગાંધીનગર ખાતે અલ્પેશભાઈ બાબુભાઈ પટેલના ગીર ગૌ-સત્વ પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધેલ જેમાં બ્રિજેશ મોડીયા, પ્રાંત અધિકારી-ગાંધીનગર, મલય ભૂવા, તાલુકા વિકાસ અધિકારી-ગાંધીનગર, જે.એમ. વરમોરા, પ્રોજેકટ ડાયરેક્ટર-આત્મા, ફારૂક પંજ, નાયબ બાગાયત અધિકારી તેમજ આત્મા પ્રોજેક્ટ, ખેતીવાડી, બાગાયત ખાતાના અધિકારી ગણ તેમજ આજુબાજુના ૧૦ ગામના ૧૪૦ ઉપરાંત ખેડૂત ભાઈઓ-બહેનો હાજર રહેલ. પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત દરમ્યાન જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે કલેક્ટર દ્વારા ખેડૂતોને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન આપવામાં આવેલ તેમજ આપણો સાંસ્કૃતિક વારસો જાળવી પ્રકૃતિ તરફ પાછા વળી પ્રાકૃતિક કૃષિ અપનાવવા હાંકલ કરેલ. પ્રાકૃતિક કૃષિ ફાર્મમાં ગીર ગાયની ૮૦ ઓલાદ ધરાવતી ગીર-ગૌશાળાની મુલાકાત લીધેલ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# મહત્ત્વના આર્થિક નિર્ણય

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે જીએસટી કાઉન્સિલની ૫૩મી બેઠક દરમ્યાન કેટલીક મહત્ત્વની ઘોષણાઓ કરી છે, જેનાથી લોકોને મોટી રાહત મળવાની આશા છે. આ કાઉન્સિલની અધ્યક્ષતા કેન્દ્રીય નાણાંમંત્રી દ્વારા કરવામાં આવે છે તથા તેમાં તમામ રાજ્યોના નાણાંમંત્રી સભ્ય હોય છે. ટેકનિકના ઉપયોગ અને સરળ પ્રક્રિયાથી જીએસટી સંગ્રહમાં ઉલ્લેખનીય વૃદ્ધિ થઈ છે, પણ બનાવટી દાવા કરીને ઈનપુટ ટેક્સની ચોરી પણ કરવામાં આવે છે. તેને રોકવાના આધાર સંખ્યા આધારિત બાયોમેટ્રિક સત્યાપનની પ્રક્રિયા અપનાવવામાં આવશે. કોઈપણ ધાતુથી નિર્મિત દૂધના વાસણો પર હવે ૧૨ ટકાનો એક જ દર લાગુ થશે. પ્લેટફોર્મ ટિકિટોને જીએસટીથી મુક્ત કરી દેવામાં આવી છે. સામાનોના પેકિંગ માટે ઉપયોગમાં આવતા કાર્ટન પર લાગતા ટેક્સને ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરી દેવામાં આવ્યો છે.

આપણા દેશની શૈક્ષણિક સંસ્થાઓમાં યોગ્ય માત્રામાં આવાસીય સુવિધાઓ નથી. આ કારણે મોટી સંખ્યામાં છાત્રોએ સંસ્થાની બહાર ભાડે રહેવું પડે છે. એવા આવાસ પર પ્રતિ વ્યક્તિ ૨૦ હજાર રૂપિયા સુધીની કર છૂટ આપવામાં આવી છે. તેનો સીધો મતલબ છે કે એક પ્રકારે તેને કરમુક્ત કરી દેવામાં આવ્યા છે. જે કેસોમાં ગરબડની ફરિયાદ નથી, તેમને વ્યાજ અને અર્થદંડના દાયરાથી હટાવી દેવામાં આવ્યા છે. નાના કરદાતાઓ માટે જીએસટીઆર ફોર્મ-૪ ભરવાની અંતિમ તારીખ ૩૦ એપ્રિલથી વધઆરીને ૩૦ જૂન કરી દેવામાં આવી છે. આ ઉપાયોથી વ્યવસાયિકો અને ગ્રાહકોને નિશ્ચિતપણે લાભ થશે અને ફુગાવો ઘટાડવામાં મદદ મળશે, જે લાંબા સમયથી સરકાર અને રિઝર્વ બેંકની પ્રાથમિકતા છે. કેન્દ્ર સરકાર પહેલેથી જ કહેતી આવી છે કે પેટ્રોલ અને ડિઝલ જીએસટીના દાયરામાં આવવા જોઈએ.

આ બેઠકમાં પણ સીતારમણે સરકારની ઈચ્છા કાઉન્સિલ સમક્ષ મૂકી. આ પદાર્થો પર કેન્દ્ર સરકાર પણ ટેક્સ લગાવે છે અને રાજ્ય સરકારો પણ. આ મુખ્ય ઈંધણ છે, તો સરકારોને મોટી માત્રામાં રાજસ્વ પણ મળે છે. જીએસટી અંતર્ગત પેટ્રોલ અને ડીઝલને લાવવા માટે એક ટેક્સ અને તેનાથી આવનારા રાજસ્વના યોગ્ય વિતરણ પર તમામ રાજ્યોની સહમતિ આવશ્યક છે. એવું માનવામાં આવે છે કે સહમતિ બનાવવા માટે આગામી દિવસોમાં કેન્દ્ર પોતાના પ્રયાસ તેજ કરી શકે છે. નાણાં મંત્રીએ પોતાના સંબોધનમાં એ પણ રેખાંકિત કર્યું કે કેન્દ્ર સરકાર સમયસર ટેક્સનું વિતરણ સુનિશ્ચિત કરવા તથા રાજ્યોને લોન ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે. જોકે મોટાભાગની લોનને રાજ્ય પોતાની ઈચ્છાથી ખર્ચ કરવા માટે સ્વતંત્ર હોય છે, પરંતુ તેનો એક હિસ્સો વિશેષ પ્રયોજનો માટે નિર્ધારિત હોય છે. રાજ્યોએ શરતોને સ્વીકાર કરીને એવી લોન લેવી જોઈએ.

## ભારે વરસાદથી ઘેડ પંથક થયો પાણીમાં ગરકાવ

જૂનાગઢ, તા.૪

જૂનાગઢ, વિસાવદર, કેશોદ, માણાવદર સહિતના ગામોમાં ભારે ગત ખાબકેલા ભારે વરસાદને કારણે ઘેડ પંથકમાં પાણી ભરાયા છે. સમગ્ર ઘેડ પંથક પાણીમાં ગરકાવ થયો છે. ગામલોકોની સ્થિતિ એટલી કફોડી બની છે કે કેડસમા ભરાયેલા પૂરના પાણીમાંથી અંતિમ યાત્રા લઈ જવાની ફરજ પડી છે. ઘેડ પંથકની હાલત એટલી હદે કફોડી થઈ છે કે સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો છે. ચારે તરફ ખેતરો પાણીમાં તરબોળ થયા છે. જ્યા સ્થળ ત્યા જળની સ્થિતિ છે. ઘેડના પીપલાણા ગામમાં કમરસમા પાણી ભરાયેલા છે. ગામનો એકપણ રસ્તો એવો નથી જ્યા પાણી ન ભરાયા હોય. પીપલાણા ગામમાં એક મહિલાનું અવસાન થતા પૂરના પાણી વચ્ચેથી તેની અંતિમ યાત્રા કાઢવાની ફરજ પડી છે. ગામલોકો પૂરના પાણીમાંથી મહિલાની અંતિમ ક્રિયા માટે અર્થી લઈને પસાર થતા જોવા મળ્યા છે. અંતિમ યાત્રા માટે પણ ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી છે. દર વર્ષે આ વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ જાય છે. દર ચોમાસાએ ઘેડ પંથકમાં આ જ પરિસ્થિતિ સર્જાય છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

તું તારા શરીરથી કોઈનેય પણ પીડા ન આપ.

- યજુર્વેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.બહમન-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ વદ-૧૪ શિવરાત્રી તા.૪ જુલાઈ ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૨૭, મૃગશીર્ષ નક્ષત્ર, ગંડ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૦૯, સૂ.અ.૭:૪૦
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), બપોરે ૩:૫૭ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. સ્વજન સાથે મતભેદ થાય.
વૃષભ:આર્થિક પ્રશ્નો ઉકેલાય. આરોગ્ય બાબતે સંભાળવું.
મિથુન:ધીરજના ફળ મીઠા જાણવા. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે.
કર્ક: અકારણ મનમાં અશાંતિ અનુભવાય. મહત્વનું કાર્ય અટકે.
સિંહ: આર્થિક સમસ્યા ઉકેલાઈ જાય. તમારી ઈચ્છા ફળતી લાગે.
કન્યા: માનસિક અશાંતિ દૂર થાય. આત્મવિશ્વાસમાં વધારો થાય.
તુલા: મનની મુરાદ પૂરી થાય. ધન લાભના યોગ છે.
વૃશ્ચિક:આર્થિક સમસ્યા દૂર થાય. પ્રવાસથી લાભ થાય.
ધન: ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. મહત્વની સમસ્યા ઉકેલાય.
મકર: ગૃહજીવનને લગતા કાર્યમાં સફળતા મળે. નાણાંકીય લાભ મળે.
કુંભ: આવકની તક સાંપડે. નવી ઓળખાણ લાભ આપી જાય.
મીન: પુરુષાર્થ પ્રમાણે ફળ મળે. સંતાનવર્ગ સાથે સંઘર્ષમાં ન ઉતરવું.

### લોકસભામાં આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ

# હિન્દુ સમાજે વિચારવું પડશે કે આ અપમાન સંયોગ છે કે પ્રયોગ : મોદી

## વિપક્ષના નેતાને ૯૦ મિનિટ બોલવાની તક આપવામાં આવી હતી. પરંતુ તમારૂ વર્તન સંસદીય મર્યાદાને અનુરૂપ નથી અને ન તો તે દેશના લોકતંત્ર માટે યોગ્ય છે



નવીદિલ્હી, તા.૪

ગઈકાલે લોકસભામાં આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા છે. પીએમ મોદીના સંબોધન પહેલા આજે રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ પર પણ ચર્ચા થશે. લાઈવ અપડેટ્સ માટે પેજ રિફ્રેશ કરતા રહોપલોકસભાની કાર્યવાહી સ્થગિત

પીએમ નરેન્દ્ર મોદીના ભાષણ બાદ લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ ગૃહની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધી હતી. સ્પીકર બિરલાએ કાર્યવાહીના અંતે કહ્યું, ‘‘મં તમામ માનનીય સભ્યોને પૂરતો સમય અને પૂરતી તક આપી. મોડી રાત સુધી તમામ પક્ષોને બોલવાની તક આપવામાં આવી હતી. વિપક્ષના નેતાને ૯૦ મિનિટ બોલવાની તક આપવામાં આવી હતી. પરંતુ તમારું વર્તન સંસદીય મર્યાદાને અનુરૂપ નથી અને ન તો તે દેશના લોકતંત્ર માટે યોગ્ય છે.’’

અગ્નિવીર યોજના અંગે પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ શક્તિશાળી સેના જોઈ શકતી નથી. આપણી સેના યુવા સેના હોવી જોઈએ. યુદ્ધ માટે સક્ષમ બનવા માટે લશ્કરમાં સુધારો કરવામાં આવ્યો હતો. નેહરુના સમયમાં દેશની સેના નબળી હતી. બોફોર્સ સહિતના અનેક કૌભાંડોએ દેશની સેનાને મજબૂત બનતી અટકાવી હતી. કોંગ્રેસના શાસનમાં બુલેટપ્રુફ જેકેટ પણ નહોતા. તેમણે કહ્યું કે યુવાનોને સેનામાં સામેલ થતા રોકવાના પ્રયાસો થઈ રહ્યા છે.

પેપર લીક મુદ્દે પહેલીવાર બોલતા પીએમ મોદીએ કહ્યું કે પેપર લીકને રોકવા માટે ગંભીર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પેપર લીક રોકવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. યુવાનોના ભવિષ્ય સાથે રમતને સાંખી લેવામાં આવશે નહીં. દેશના ઘણા ભાગોમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી રહી છે. પેપર લીકને રોકવા માટે તંત્રને વધુ મજબૂત બનાવવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે સરકારે પેપર લીકને લઈને પહેલાથી જ કડક કાયદો બનાવ્યો છે. પરીક્ષાને વધુ મજબૂત બનાવવા માટે સતત કડક પગલાં લેવામાં આવી રહ્યા છે.

ઈમરજન્સીને લઈને કોંગ્રેસ પર નિશાન સાધતા પીએમ મોદીએ લોકસભામાં પોતાના ભાષણમાં કહ્યું, ‘‘ઈમરજન્સી દરમિયાન ક્રૂરતાના પંજા ફેલાયા હતા. કટોકટી સરમુખત્યારશાહીનો સમયગાળો હતો. કટોકટી દરમિયાન મીડિયાને દબાવવામાં આવ્યું હતું.

પીએમ મોદીએ પોતાના ભાષણમાં કહ્યું કે કોંગ્રેસ રાફેલ પર ખોટું બોલે છે. એમએસપી વિશે ગૃહમાં ખોટું બોલ્યા. બંધારણ અને અનામત પર પણ જુઠ્ઠાણું બોલવામાં આવ્યું હતું. ગઈ કાલે અગ્નિવીર વિશે ખોટું બોલવામાં આવ્યું હતું. કોંગ્રેસ જુઠ્ઠાણાના માર્ગે ચાલી રહી છે. કોંગ્રેસ અરાજકતાના માર્ગે છે. તેમણે કહ્યું કે ગઈકાલે જે પણ થયું, અમે સંસદીય પદ્ધતિઓને સાચવી શકીશું નહીં. આ ક્રિયાઓને હવે બાલિશ ગણવી જોઈએ અને અવગણવી જોઈએ. તેમના ઈરાદા સારા નથી, આ ગંભીર જોખમના સંકેતો છે. ગૃહમાં તેમનું જુઠ્ઠાણું નિર્લજ્જ કૃત્ય જેવું છે.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં રાહુલ ગાંધીનું નામ લીધા વગર શોલે ફિલ્મના મૌસીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે કોંગ્રેસે શોલે ફિલ્મને તેના રેટરિકમાં પાછળ છોડી દીધી છે. કોંગ્રેસને ૧૩ રાજ્યોમાં ૦ મળ્યા છે પરંતુ તે હીરો છે. ડૂબી ગયેલા બાપની લૂંટ પણ હજુ હીરો છે. કોંગ્રેસે હારનો રેકોર્ડ બનાવ્યો છે. ૨૦૨૪થી કોંગ્રેસ પરોપજીવી પાર્ટી તરીકે ઓળખાશે. પરોપજીવી જેની સાથે જાય તેને જ ખાશે. કોંગ્રેસ જેની સાથે ગઠબંધન કરે છે તેને ખાય છે.

પીએમ મોદીએ પોતાના ભાષણમાં કહ્યું કે કોંગ્રેસ સત્તા મેળવવામાં વ્યસ્ત છે. કોંગ્રેસ દાવો કરી રહી છે કે તેણે અમને હરાવ્યા છે. કોંગ્રેસે આદેશ સ્વીકાર્યો નથી. કોંગ્રેસ હાર સ્વીકારશે અને હારની રમઝટ કરશે. આજકાલ બાળકોના મનોરંજન માટે કામ કરવામાં આવી રહ્યું છે. કોંગ્રેસના લોકો બાળકનું મન બહેલાવી રહ્યા છે

વિપક્ષના સાંસદો વેલમાં આવીને સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. સ્પીકર ઓમ બિરલા વિપક્ષી સાંસદો પર ગુસ્સે થયા. સ્પીકરે વિપક્ષી સાંસદોને ઠપકો આપ્યો અને વિપક્ષના નેતાને ૯૦ મિનિટ બોલવાની તક આપી, કહ્યું. તમે આટલી મોટી પાર્ટી ચલાવો છો, આ સ્વીકાર્ય નથી. પાંચ વર્ષ આમ નહીં ચાલે.

પીએમ મોદીએ કહ્યું કે હવે લોકો કહેતા હતા કે કંઈ પણ થઈ શકે છે. જ્યારે પહેલા લોકો કહેતા હતા કે કંઈ થઈ શકે તેમ નથી. તેમણે વધુમાં કહ્યું કે ૨૦૧૪ પહેલા દેશમાં વારંવાર આતંકવાદી હુમલા થતા હતા. દેશના દરેક ખૂણાને નિશાન બનાવવામાં આવ્યા હતા. અગાઉ આતંકવાદી હુમલા ગમે ત્યાં થતા હતા. આજે ભારતમાં ઘુસીને હત્યા કરે છે. આજે દેશનો દરેક નાગરિક જાણે છે કે દેશ પોતાની સુરક્ષા માટે કંઈ પણ કરી શકે છે.પીએમ મોદીએ કહ્યું કે જો આપણે ૨૦૧૪ના એ દિવસોને યાદ કરીએ તો ખ્યાલ આવશે કે દેશની જનતાનો વિશ્વાસ ઉઠી ગયો હતો. દેશ નિરાશાના દરિયામાં ડૂબી ગયો હતો. ૨૦૧૪ પહેલા, દેશને જે સૌથી મોટું નુકસાન થયું, તેણે જે વિશ્વાસ ગુમાવ્યો, તે આત્મવિશ્વાસ હતો. ૨૦૧૪ પહેલા આ જ શબ્દો સાંભળવા મળતા હતા – આ દેશને કંઈ થઈ શકે તેમ નથી. આ સાત શબ્દો ભારતીયોની નિરાશાનું પ્રતીક બની ગયા હતા. અમે જ્યારે પણ અખબારો ખોલીએ છીએ ત્યારે માત્ર કૌભાંડના સમાચારો જ વાંચીએ છીએ. રોજ નવા કૌભાંડો, કૌભાંડો જ કૌભાંડો. કૌભાંડીઓની સ્પર્ધા, કૌભાંડીઓના કૌભાંડો એ નિર્લજ્જતાથી સ્વીકાર્યું કે જો દિલ્હીમાંથી એક રૂપિયો નીકળે તો ૧૫ પૈસા ત્યાં પહોંચે. ભત્રીજાવાદ એટલો વ્યાપક હતો કે સામાન્ય યુવાનોએ આશા છોડી દીધી હતી કે જો તેમની ભલામણ કરનાર કોઈ નહીં હોય તો જીવન આમ જ ચાલશે.

પીએમ મોદીએ કહ્યું કે આ દેશે લાંબા સમયથી તુષ્ટિકરણની રાજનીતિ જોઈ છે અને શાસનનું તુષ્ટિકરણ મોડલ પણ જોયું છે. પહેલીવાર દેશે તુષ્ટિકરણ નહીં, સંતોષ માટે સંપૂર્ણ બિનસાંપ્રદાયિકતાનો વિચાર અપનાવ્યો છે. જ્યારે આપણે સંતોષ વિશે વાત કરીએ છીએ, તો તેનો અર્થ એ છે કે લાભ છેલ્લા વ્યક્તિ સુધી પહોંચે છે. જ્યારે આપણે સંતૃપ્તિના સિદ્ધાંતની વાત કરીએ છીએ, ત્યારે તે સાચા અર્થમાં સામાજિક ન્યાય અને બિનસાંપ્રદાયિકતા છે. અને દેશની જનતાએ અમને ત્રીજી વખત ચૂંટીને આને મંજૂરી આપી છે. તુષ્ટિકરણે દેશને બરબાદ કર્યો છે. અમે બધાને ન્યાયના સિદ્ધાંતનું પાલન કરીએ છીએ, કોઈને મંજૂરી નથી.

સાંસદોના હોબાળા વચ્ચે પીએમ મોદીએ કહ્યું કે જનતાએ અમને ત્રીજી વખત દેશની સેવા કરવાનો જનાદેશ આપ્યો છે. વિપક્ષ દ્વારા જુઠ્ઠાણા ફેલાવવા છતાં તેમને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. દેશે ૧૦ વર્ષનો ટ્રેક રેકોર્ડ જોયો છે. તેમણે વધુમાં કહ્યું કે અમે ગરીબોના કલ્યાણ માટે સમર્પણ સાથે કામ કર્યું છે. ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપતા કહ્યું કે જનતાએ અમારી ૧૦ વર્ષની સરકારનો ટ્રેક રેકોર્ડ જોયો છે. અમે જનસેવા અને ભગવાનની સેવાને અમારો મંત્ર બનાવીને કામ કર્યું. ભ્રષ્ટાચાર પ્રત્યે ઝીરો ટોલરન્સની નીતિથી દેશે આપણને આશીર્વાદ આપ્યા છે. આજે વિશ્વમાં ભારતનું ગૌરવ થઈ રહ્યું છે. વિશ્વમાં વિશ્વસનીયતા વધી છે. દરેક ભારતીય ભારતને જોવાનો ગર્વભર્યો પરિપ્રેક્ષ્ય પણ અનુભવી રહ્યો છે. અમારું એકમાત્ર લક્ષ્ય નેશન ફર્સ્ટ છે. ભારત પ્રથમ છે. અમારી દરેક નીતિ, દરેક નિર્ણય, દરેક કાર્યમાં એક જ માપદંડ છે – ભારત પ્રથમ. ઈન્ડિયા ફર્સ્ટની ભાવનામાં જરૂરી સુધારાઓ પણ ચાલુ રાખવામાં આવ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં અમારી સરકાર સબકા સાથ, સબકા વિકાસના મંત્રને અનુસરીને સૌનું કલ્યાણ કરવાનો પ્રયાસ કરી રહી છે.

પીએમ મોદી રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા છે. પીએમ મોદી બોલવા માટે ઉભા થયા કે તરત જ વિપક્ષી સાંસદોએ હંગામો મચાવ્યો.

ભારતીય જનતા પાર્ટીના દિલ્હીના સાંસદ મનોજ તિવારીએ પોતાના ભાષણમાં કહ્યું કે દિલ્હીની જનતાએ નરેન્દ્ર મોદીમાં નવો વિશ્વાસ પેદા કર્યો છે. દિલ્હીમાં પહેલીવાર સતત ત્રીજી વખત ભાજપે તમામ સાત બેઠકો જીતી છે. જ્યારે હું પહેલીવાર ગૃહમાં આવ્યો ત્યારે પીએમ મોદીએ તે સીડીઓ પર માથું મૂકીને તેમનું અભિવાદન કર્યું.

### ભાદરવી પૂનમે યોજાતા પરંપરાગત મેળામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે

# અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો ૧૨થી ૧૮ સપ્ટેમ્બર દરમ્યાન યોજાશે

## આ ભવ્ય મેળામાં અંદાજે લાખો યાત્રાળુઓ પહોંચે તેવી શક્યતા છે ભાદરવી પૂનમનો મેળો યાદગાર બનાવવા માટે કલેકટર, દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિવિધ વિભાગો સાથે બેઠક કરી



અંબાજી, તા.૪

ગુજરાતમાં અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પૂનમે યોજાતા પરંપરાગત મેળામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે કે જેમાં મોટાભાગે પગપાળા યાત્રાળુઓ હોય છે. આ વર્ષે ૧૨થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન યોજનાર આ ભવ્ય મેળામાં અંદાજે લાખો યાત્રાળુઓ પહોંચે તેવી શક્યતા છે. ભાદરવી પૂનમનો મેળો યાદગાર બનાવવા માટે કલેકટર, દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિવિધ વિભાગો સાથે બેઠક કરી હતી.

અંબાજી ખાતે આ વર્ષે યોજાનાર ભાદરવી પૂનમ મેળામાં યાત્રાળુઓની સુવિધાઓમાં મોટાપાયે વધારો કરવામાં આવનાર છે. જેમાં સૌથી વિશેષ છે અદ્ભુત તથા દિવ્ય લાઈટિંગ. સમગ્ર અંબાજીમાં લાઈટિંગનો એવો ઝળહળાટ ઊભો કરવામાં આવશે કે, ભક્તોને ચોતરફ માતાજીની ઝાંખી જોવા મળશે.

ચાચર ચોકમાં અનેક મંડળો દ્વારા ગરબા ગાયન અને ગરબા રમવાનાં વિશિષ્ટ આયોજનો થાય છે. વિવિધ સંઘો દ્વારા ભવાઈ તથા રાસ-ગરબાનાં આયોજનો પણ થાય છે. ઢોલ-પખવાજ, ત્રાંસા શરણાઈ અને તબલાના તાલે મંદિર પરિસરમાં શ્રદ્ધાળુઓ ગરબે ઝૂમે છે. ગામના લોકો આ મેળા દરમિયાન પોતપોતાનાં ઘરો-દુકાનો અને મુખ્ય માર્ગો પર શણગાર અને રોશની કરીને અંબાજી ગામને શણગારે છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં ભાદરવી પૂનમનો આ અંબાજીનો મેળો આસ્થા શ્રદ્ધાનું પ્રતીક છે. શ્રદ્ધાળુઓ, માઈભક્તો આ મેળામાં જઈને મા અંબાનાં ગુણગાન ગાઈને, મા અંબાના સાંનિધ્યમાં રહીને ધન્યતા અનુભવે છે.

# ડો. શ્યામા પ્રસાદ મુખર્જીના જન્મદિન નિમિત્તે ખંભાળિયામાં વિચાર ગોષ્ઠિ યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૪

ડો. શ્યામા પ્રસાદ મુખર્જીના જન્મદિવસ નિમિત્તે ખંભાળિયામાં જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ ખંભાળિયા તાલુકા ભાજપ મંડળ દ્વારા અહીંના જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે વિચાર ગોષ્ઠિના કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું. આ પ્રસંગે તમામ કાર્યકર્તાઓએ પુષ્પાંજલિ અર્પણ કરી અને તેમની સ્મૃતિને શ્રદ્ધાંજલિ આપી. વિચાર ગોષ્ઠિની શરૂઆતમાં જિલ્લા ભાજપ મહામંત્રી રસિકભાઈ નકુમએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. જેમાં મુખ્ય વક્તા જિલ્લા ભાજપ મંત્રી રાજુભાઈ સરસિયાએ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના જીવન અને કાર્ય વિશે વિશેષ માહિતી આપી હતી. રાજુભાઈએ તેમના જીવનની એવી ઘટનાઓને યાદ કરાવી કે જેનાથી દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાની ભાવના પ્રગટ થાય. તેમણે ડૉ. મુખર્જી ના "એક દેશ, એક વિધાન, એક પ્રધાન, એક નિશાન"ના વીચારની વિશેષ ચર્ચા કરી હતી. આ સૂત્રની પાછળની તેમની વિચારધારા અને કાશ્મીરના ભારત સાથે પૂર્ણ એકીકરણ માટેના તેમના સંઘર્ષને યાદ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ડૉ. મુખર્જીએ હિંદુ મહાસભામાં જોડાઈને કરેલા કાર્યો અને જનસંઘની સ્થાપના કરીને દેશના રાજકારણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. રાજુભાઈએ ડૉ. મુખર્જીની દેશપ્રેમ અને ત્યાગની ભાવનાને યાદ કરતા તેમને રાષ્ટ્રીય નેતા તરીકે વર્ણવી અને એમને જણાવેલા વિચાર પર ચાલી અને માં ભારતીને પરમ વૈભવના શિખરે બિરાજમાન કરવાના ડૉ. મુખર્જી જોયેલા સ્વપ્નને સાકાર કરવા સંકલ્પ લેવા જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ મહામંત્રી રસિકભાઈ નકુમ, ભરતભાઈ ગોજીયા, તાલુકા મંડળ પ્રભારી કશ્યપભાઈ આહિર, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ વનરાજસિંહ વાઢેર, ખંભાળિયા તાલુકા પંચાયત ઉપપ્રમુખ દેવુભાઈ કછટિયા, તાલુકા મંડળના મહામંત્રી ખીમાણંદભાઈ ગઢવી, શામજીભાઈ નકુમ ઉપરાંત તાલુકાના હોદ્દેદારો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સફળતા બદલ ખંભાળિયા તાલુકા ભાજપ મંડળ દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# રાજ્યના તમામ ગેમિંગ ઝોન બંધ કરાવી દેવા અંગે કરેલા આદેશમાં સુધારો કરવા કરાયેલી અરજીઓ હાઈકોર્ટે ફગાવી




અમદાવાદ, તા.૪

રાજકોટ ટીઆરપી ગેમિંગ ઝોન અગ્નિકાંડ બાદ થયેલી સુઓમોટો અરજીમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્યના તમામ ગેમિંગ ઝોન બંધ કરાવી દેવા અંગે કરેલા આદેશમાં સુધારો કરવા કરાયેલી બે અરજીઓ ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. જ્યારે એક અરજીની સુનાવણી યોગ્ય બેન્ચ સમક્ષ કરવા માટે સૂચન કરવામાં આવ્યું હતું. આમ હાઈકોર્ટે ગેમિંગ ઝોન બંધ કરવા બાબતે કોઈપણ રાજ્ય આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે તમામ અરજીઓ ફગાવી દેતાં અવલોકન કર્યું હતું કે અરજદારો આનંદ મેળાનાં સંચાલકો છે અને તેમને આદેશ બાબતે ગેર સમજનાં આધારે અરજીઓ કરી હતી. કેસની વિગતો મુજબ અરજદાર દેવ ઈવેન્ટ તથા અન્યોએ રજૂઆત કરી હતી કે અમદાવાદમાં આનંદ મેળા માટે તેઓએ જગ્યા ભાડે લીધી હતી અને તમામ મંજૂરીઓ મેળવી હતી. દરમ્યાન મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેને બંધ કરવાનો મૌખિક આદેશ આપી દીધો હતો. આથી તેઓને રૂા.૩ કરોડ જેટલી માતબર રકમનું નુકસાન ગયું હતું. આ બાબતે હાઈકોર્ટના સિંગલ જજ સમક્ષ અરજી કરાઈ ત્યારે આ સંબંધે જાહેર હિતની અરજીની સુનાવણી પેંડિંગ હોવાથી ત્યાં રજૂઆત કરવા જણાવ્યું હતું. બીજી બાજુ રાજકોટ અગ્નિકાંડ કેસમાં ગુજરાત હાઈકોર્ટે તા.૨૭-૫-૨૦૨૪ હુકમ મારફતે રાજ્યભરના ગેમિંગ ઝોન બંધ કરાવી દેવા હુકમ કર્યો હતો. આથી આવો આદેશ તેમને અસર કરતો હોવાથી સુધારો કરવો જોઈએ કારણ કે, આવા આદેશ પછી રાજ્ય સરકાર અને સંબંધિત સત્તાવાળાઓ દ્વારા પણ રાજ્યભરના તમામ ગેમિંગ ઝોન, મનોરંજન મેળાઓ વગેરે બંધ કરાવી દીધા હતા. જેને પગલે આ ફનફેર અને ગેમિંગ ઝોનના ધંધારોજગાર બંધ થઈ જતાં અરજી કરવાની ફરજ પડી છે. જો કે, હાઈકોર્ટે આ બાબતેની કોઈપણ રાહત આપવાનો ઈન્કાર કરી દિધો હતો. બીજી બાજુ અન્ય ગેમિંગ ઝોનવાળાએ પણ આ જ પ્રકારની રજૂઆત સાથે અગાઉના હુકમમાં સુધારો કરવા અને રાજકોટ અગ્નિકાંડ કેસની મેઈન સુઓમોટો પિટિશનમાં તેમને પણ પક્ષકાર બનાવી સાંભળવા દાદ માંગી હતી. તે પણ ફગાવી દેવાઈ હતી.

# માયાવતીની બહુજન સમાજ પાર્ટી 'રાષ્ટ્રીય પાર્ટી'નો દરજ્જો ગુમાવવાની કગાર ઉપર : જાણો શા માટે

**વિધાનસભામાં બેઠક જીતવામાં નિષ્ફળતા અને પક્ષ તરફથી કોઈ સાંસદ પ્રતિનિધિ ન હોવાને કારણે એકમાત્ર દલિત-પ્રતિનિધિ પક્ષ રાષ્ટ્રીય પક્ષ તરીકેનો પોતાનો દરજ્જો ગુમાવી શકે છે, તાજેતરની લોકસભા ચૂંટણીમાં તેમનો વોટ શેર ઘટીને ૨.૦૪ ટકા થયો હતા**

(એજન્સી) તા.૪

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન માયાવતીની આગેવાની હેઠળની બહુજન સમાજ પાર્ટી (BSP) સૌથી તાજેતરની લોકસભા ચૂંટણી ૨૦૨૪માં તેના નિરાશાજનક દેખાવને કારણે રાષ્ટ્રીય પક્ષ તરીકેનો પોતાનો દરજ્જો ગુમાવી દેવાની અણી પર છે. પક્ષનો મત શેર આશરે ઘટીને ૨.૦૪% અને તે ચૂંટણીમાં કોઈ બેઠકો મેળવી શકી ન હતી.

**એકમાત્ર દલિત-રાષ્ટ્રીય પક્ષ :**

BSPને ૧૯૯૭માં સત્તાવાર રીતે રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા આપવામાં આવી હતી. તેની સ્થાપના એપ્રિલ ૧૯૮૪માં કાંશી રામ દ્વારા કરવામાં આવી હતી, જેમણે પાછળથી માયાવતીને તેમના અનુગામી તરીકે નિયુક્ત કર્યા હતા. તેની સ્થાપના થઈ ત્યારથી તેણે ચૂંટણીઓમાં સતત સારૂં પ્રદર્શન કર્યું છે; જો કે, ૨૦૧૨ની યુપી વિધાનસભાની ચૂંટણી બાદ તેના વળતાં પાણી થયાં હતા. BSP રાષ્ટ્રીય કક્ષાનો દેશનો એકમાત્ર દલિત પક્ષ છે. ભારતના ચૂંટણી પંચે તેની તપાસ પૂર્ણ કર્યા પછી તેને કદાચ હવે રાષ્ટ્રીય પક્ષ તરીકે ગણવામાં આવશે નહીં. મીડિયાના અહેવાલ મુજબ બહુજન સમાજ પાર્ટી (BSP), જે દેશમાં રાષ્ટ્રીય સ્તરે એકમાત્ર દલિત પક્ષ છે, ચૂંટણી પંચ દ્વારા સામાન્ય ચૂંટણીઓ પછી તેની રૂઢિગત સમીક્ષા કર્યા પછી તેનો રાષ્ટ્રીય દરજ્જો ગુમાવી શકે છે, કારણ કે, તેની પાસે લોકસભામાં કોઈ ચૂંટાયેલા સાંસદ નથી અને આ સામાન્ય ચૂંટણીમાં તેનો વોટ શેર ઘટીને ૨.૦૪% થયો છે.

**પ્રદર્શનમાં ઘટાડો :**

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં BSP એકપણ સીટ મેળવી શકી ન હતી. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં તેણે દસ બેઠકો જીતી હતી. વધુમાં પોલ પેનલની વેબસાઈટ અનુસાર પાર્ટીનો વોટ શેર ઘટીને ૨.૦૪% થયો છે. ૪૨૪ લોકસભા બેઠકો ઉપર પાર્ટીએ ઉમેદવારો ઊભા રાખ્યા, જેમાં ઉત્તરપ્રદેશમાં ૮૦નો સમાવેશ થાય છે. ૨૦૧૯માં BSPની વોટની ટકાવારી ૩.૬૭% હતી. BSPએ ૨૦૦૯માં ૬.૧૭ ટકા વોટ શેર સાથે ૨૧ બેઠકો મેળવી હતી. ૨૦૧૪માં તેને ૪.૧૯ ટકા વોટ મળ્યા હતા અને તે એકપણ સીટ જીતવામાં નિષ્ફળ રહી. મીડિયાના અહેવાલ મુજબ હમણાં સુધી એવું લાગે છે કે, BSP રાષ્ટ્રીય પક્ષ તરીકે માન્યતા ચાલુ રાખવા માટેની પ્રથમ બે આવશ્યકતાઓને પૂર્ણ કરતી નથી. ત્રીજા માપદંડ માટે પક્ષને ચાર કે તેથી વધુ રાજ્યોમાં રાજ્ય પક્ષ તરીકે માન્યતા માટેની આવશ્યકતાઓને પૂર્ણ કરવાની આવશ્યકતા છે, જે તે હાલમાં કરતી નથી. મીડિયા અહેવાલ મુજબ ૨૦૨૪ની ચૂંટણીના આંકડાકીય અહેવાલોના પ્રકાશન પછી મતદાન પેનલ સમીક્ષા પ્રક્રિયા શરૂ કરે તેવી ધારણા છે.

**સમાન ઘટના :**

બીએસપીની રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો અગાઉ પણ જોખમમાં હતો. તેણે ૨૦૧૪માં રાષ્ટ્રીય પક્ષ તરીકેનો દરજ્જો લગભગ ગુમાવી દીધો હતો. મતદાન પેનલ દ્વારા નિયમમાં ફેરફાર કરીને તેને બચાવી લેવામાં આવ્યો હતો. નવા નિયમોની દર દસ વર્ષે સમીક્ષા કરવામાં આવી હતી અને શરૂઆતમાં દર પાંચમાં વર્ષે સમીક્ષા કરવામાં આવી હતી.

**રાષ્ટ્રીય રાજકીય પક્ષ શું છે ? :**

નોંધાયેલ પક્ષને માત્ર ત્યારે જ રાષ્ટ્રીય પક્ષ કહી શકાય જો તે નીચેની ત્રણ જરૂરિયાતોમાંથી કોઈપણ એકને સંતોષે. ચાર રાજ્યો પાર્ટીને રાજ્ય પક્ષ તરીકે માન્યતા આપે છે. ચાર લોકસભા બેઠકો જીતવા ઉપરાંત પાર્ટી કોઈપણ ચાર કે તેથી વધુ રાજ્યોમાં છ ટકા મત મેળવે છે. ઓછામાં ઓછા ત્રણ રાજ્યો પાર્ટીને લોકસભાની કુલ બેઠકોની ઓછામાં ઓછી ૨% બેઠકો પ્રદાન કરે છે. રાષ્ટ્રીય પક્ષના ઘણા ફાયદા છે. એક રાષ્ટ્રીય પક્ષને મતદાર યાદીની મફત નકલો, દિલ્હીમાં કાર્યાલય માટે જગ્યા, ચૂંટણીની મોસમ દરમ્યાન દૂરદર્શન અને ઓલ-ઈન્ડિયા રેડિયો પર એરટાઈમ અને સામાન્ય ચૂંટણી પ્રતીક મળે છે.

**રાષ્ટ્રીય રાજકીય પક્ષોની ઘટતી ગણતરી :**

પ્રથમ લોકસભા ચૂંટણી ૧૯૫૧માં યોજાઈ હતી જેમાં ૫૩ રાજકીય પક્ષો ચૂંટણી લડ્યા હતા. હાલમાં ૨૫૦૦થી વધુ રાજકીય પક્ષો છે. જો કે, ૭૦થી વધુ વર્ષોમાં રાષ્ટ્રીય પક્ષોની સંખ્યા ૧૪થી ઘટીને ૬ થઈ ગઈ છે. હાલમાં ચૂંટણી પંચ છ રાજકીય પક્ષોને રાષ્ટ્રીય પક્ષો તરીકે માન્યતા આપે છે : નેશનલ પીપલ્સ પાર્ટી, બીએસપી, આમ આદમી પાર્ટી, કોંગ્રેસ, ભાજપ અને સીપીએમ.

**રાષ્ટ્રીય પક્ષ તેની સ્થિતિ કેવી રીતે ગુમાવી શકે છે ? :**

ચૂંટણી પ્રતીકો (આરક્ષણ અને ફાળવણી) ૧૯૬૮ના ઓર્ડર મુજબ પાર્ટીને રાષ્ટ્રીય દરજ્જો પ્રાપ્ત થાય છે જો તેને સૌથી તાજેતરની સામાન્ય ચૂંટણી દરમ્યાન ચાર કે તેથી વધુ રાજ્યોમાં માન્ય મતોના ઓછામાં ઓછા ૬% તેમજ સંસદના ઓછામાં ઓછા ચાર સભ્યો મળ્યા હોય. જો કોઈ પક્ષ લોકસભાની બે ટકા કે તેથી વધુ બેઠકો જીતે છે અને ઓછામાં ઓછા ત્રણ રાજ્યો પ્રતિનિધિઓ મોકલે છે, તો પણ પક્ષને રાષ્ટ્રીય દરજ્જો આપી શકાય છે. રાષ્ટ્રીય પક્ષના દરજ્જાની ત્રીજી જરૂરિયાત પૂરી કરવા માટે તે ઓછામાં ઓછા ચાર રાજ્યોમાં માન્ય રાજ્ય પક્ષ હોવો આવશ્યક છે.

# હિજાબ ઉપર પ્રતિબંધ બાદ મુંબઈની કોલેજે વિદ્યાર્થીઓને ટી-શર્ટ અને ફાટેલી જીન્સ પહેરવા ઉપર પ્રતિબંધ મૂક્યો

મુંબઈ, તા.૪

મુંબઈ શહેરમાં સ્થિત એક કોલેજ જે હિજાબ ઉપર પ્રતિબંધ લાદવા માટે સમાચારોમાં રહી હતી, તેણે હવે વિદ્યાર્થીઓને ફાટેલા જીન્સ અને ટી-શર્ટ તેમજ 'ઉજાગર' કરતા ડ્રેસ અને જર્સી પહેરવા અથવા ધર્મને છતી કરે અથવા 'સાંસ્કૃતિક અસમાનતા' દર્શાવતા ડ્રેસ પહેરવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે. ચેમ્બુર ટ્રોમ્બે એજ્યુકેશન સોસાયટીની એન.જી. આચાર્ય અને ડી.કે. મરાઠે કોલેજે ૨૭ જૂને જારી કરેલી નોટિસમાં એમ પણ કહ્યું હતું કે વિદ્યાર્થીઓએ કેમ્પસમાં હોય ત્યારે ઔપચારિક અને યોગ્ય કપડાં પહેરવા જોઈએ. તેમણે જણાવ્યું, વિદ્યાર્થીઓ હાફ અથવા ફુલ શર્ટ અને ટ્રાઉઝર પહેરી શકે છે. યુવતીઓ કોઈપણ ભારતીય અથવા પશ્ચિમી પોશાક પહેરી શકે છે. બોમ્બે હાઈકોર્ટે ૨૬ જૂને કોલેજ દ્વારા તેના પરિસરમાં હિજાબ, બુરખા અને નકાબ ઉપર પ્રતિબંધ લાદવાના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યા પછી આ નિર્દેશ આવ્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે, આવા નિયમો વિદ્યાર્થીઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતા નથી. નોટિસમાં જણાવાયુ કે, "વિદ્યાર્થીઓએ એવો કોઈ ડ્રેસ પહેરવો નહીં કે જે ધર્મ અસમાનતા દર્શાવે છે અથવા સાંસ્કૃતિક અસમાનતા દર્શાવે છે. નકાબ, હિજાબ, બુરકા, સ્ટોલ અને ટોપી વગેરેને ગ્રાઉન્ડ ફ્લોર ઉપરના કોમન રૂમમાં જઈને દૂર કરવામાં આવે અને ત્યાર બાદ જ (વિદ્યાર્થીઓ) સમગ્ર કોલેજ કેમ્પસમાં આવી શકશે." તેમણે કહ્યું, 'ફાટેલા જીન્સ, ટી-શર્ટ્સ, છતી કરતી ડ્રેસ અને જર્સી પહેરવાની મંજૂરી નથી.' શિવાજી નગર, ગોવંડી અને માનખુર્દ વિસ્તારના મુસ્લિમ સમુદાયના વિદ્યાર્થીઓ ચેમ્બુર સ્થિત કોલેજમાં ભણે છે. નોટિસમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ૭૫ ટકા હાજરી ફરજિયાત છે. તેમણે જણાવ્યું કે 'શિસ્ત સફળતાની ચાવી છે.' કોલેજ ગવર્નિંગ કાઉન્સિલના જનરલ સેક્રેટરી સુબોધ આચાર્યે જણાવ્યું હતું કે, કોલેજ દ્વારા નવા નિર્દેશો સાથે કોઈ નોટિસ જારી કરવામાં આવી નથી માત્ર સંસ્થા દ્વારા આ વર્ષની શરૂઆતમાં જારી કરાયેલા પરિપત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું, "નોટિસ નવી નથી. અમે ફક્ત વિદ્યાર્થીઓને ડ્રેસ કોડને અનુસરવા માટે કહી રહ્યા છીએ જે જણાવે છે કે ઉજાગર કરતા કપડાં પહેરવા નહીં. અમે વિદ્યાર્થીઓને સાડી અથવા કોઈ ચોક્કસ રંગનો પોશાક પહેરવાનું પણ કહી રહ્યા નથી." કોલેજના પ્રિન્સિપાલ વિદ્યાગૌરી લેલેએ જણાવ્યું હતું કે, 'વિદ્યાર્થીઓ હિજાબ અથવા બુરખા પહેરીને કોલેજમાં આવી શકે છે, તેને કોલેજના કોમન રૂમમાં બદલી શકે છે અને પછી તેમનું કામ કરી શકે છે.' ગયા મહિને વિદ્યાર્થીઓએ હાઈકોર્ટમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં તેમણે કોલેજ દ્વારા ડ્રેસ કોડ લાદવામાં આવેલા આદેશને પડકાર્યો હતો, જેના હેઠળ તેઓ પરિસરની અંદર હિજાબ, નકાબ, બુરકા, સ્ટોલ્સ, કેપ અને બેજ પહેરી શકતા નથી. હાઈકોર્ટે ૨૬ જૂને કહ્યું હતું કે ડ્રેસ કોડનો અર્થ શિસ્ત જાળવવા માટે છે જે 'શૈક્ષણિક સંસ્થાની સ્થાપના અને સંચાલન' કરવાના કોલેજના મૂળભૂત અધિકારનો એક ભાગ છે. ડ્રેસ કોડ ધર્મ અથવા જાતિને ધ્યાનમાં લીધા વિના તમામ વિદ્યાર્થીઓને લાગુ પડે છે.

# NEET-PGની પરીક્ષા જુલાઈના અંત સુધીમાં યોજાશે, પ્રશ્નપત્ર ૨ કલાક પહેલા સેટ કરવામાં આવશે

(એજન્સી) તા. ૪

નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ-પોસ્ટ ગ્રેજ્યુએટ (NEET-PG)ની પરીક્ષા આ મહિનાના અંત સુધીમાં લેવામાં આવશે. પરીક્ષાના બે કલાક પહેલા પ્રશ્નપત્ર તૈયાર કરવામાં આવશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે NEET-PG પરીક્ષાઓની સુધારેલી તારીખો ૧ અથવા ૨ જુલાઈએ જાહેર કરવામાં આવશે. પરંતુ હજુ સુધી આવી કોઈ જાહેરાત કરવામાં આવી નથી. અહેવાલ અનુસાર, કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સ્ત્રોતે ૨ જુલાઈએ એન્ટી સાયબર ક્રાઈમ બોડીના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. ત્યારે સરકારે કહ્યું કે, 'તે મેડિકલ વિદ્યાર્થીઓ માટે નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ દ્વારા હાથ ધરવામાં આવતી NEET-PGની પ્રક્રિયાઓની મજબૂતતાનું સંપૂર્ણ મૂલ્યાંકન કરશે.' NEET-PG જે શરૂઆતમાં ૨૩ જૂને યોજાવાની હતી તે છેલ્લી ઘડીએ પેપર લીક અને અન્ય ગેરરીતિઓના કારણે મોકૂફ રાખવામાં આવી હતી. સંખ્યાબંધ વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ નિર્ણયનો વિરોધ કર્યો અને તેની વિશ્વસનીયતા ઉપર સવાલ ઉઠાવ્યા હતા. NEET PG એ નેશનલ મેડિકલ કમિશન એક્ટ, ૨૦૧૯ મુજબ ભારતમાં MD, MS અને PG ડિપ્લોમા અભ્યાસક્રમો માટેની મુખ્ય પ્રવેશ પરીક્ષા છે. ભારતીય યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાં તબીબી શિક્ષણ પ્રવેશ મેળવવામાટેની તે એકમાત્ર સ્વીકૃત પરીક્ષા છે અને તે વિદેશી નાગરિકોને પણ મંજૂરી આપે છે.

# મદ્રાસ હાઈકોર્ટમાં દાખલ કરાયેલ જાહેર હિતની અરજીમાં નવા ફોજદારી કાયદાના હિન્દી, સંસ્કૃત નામો મુદે વાંધો ઊઠાવવામાં આવ્યો

**અરજદારે કેન્દ્રીય ગૃહ મંત્રાલય સમક્ષ માંગ કરી હતી કે, ત્રણ નવા ફોજદારી કાયદાઓના નામ અંગ્રેજીમાં જ રહેવા દેવાની તેમની અરજીનો નિકાલ ન થાય ત્યાં સુધી તેને લાગુ કરવા ઉપર રોક લગાવવામાં આવે**



નવી દિલ્હી, તા.૪

મદ્રાસ હાઈકોર્ટમાં દાખલ કરાયેલી જાહેર હિતની અરજી (PIL)માં ત્રણ નવા ફોજદારી કાયદાઓને આપવામાં આવેલા હિન્દી અને સંસ્કૃત નામો ઉપર વાંધો ઊઠાવવામાં આવ્યો છે. પીઆઈએલમાં ત્રણેય કાયદાઓને ગેરબંધારણીય જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. થૂથુકુડીના એડવોકેટ બી. રામકુમાર આદિત્યન દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલમાં કહેવામાં આવ્યું છે કે, ત્રણ નવા કાયદાઓ-ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ કે જેણે ભારતીય દંડ સંહિતા, ક્રિમિનલ પ્રોસિજર કોડ અને ઈન્ડિયન એવિડન્સ એક્ટનું સ્થાન લીધું છે તેમના નામ ફરીથી અંગ્રેજીમાં રાખવામાં આવે. કાર્યકારી ચીફ જસ્ટિસ આર. મહાદેવન અને જસ્ટિસ મોહમ્મદ શફીકની ફર્સ્ટ ડિવિઝન બેન્ચ સમક્ષ પીઆઈએલ દાખલ થવાની અપેક્ષા છે. અરજદારે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને ત્રણ નવા ફોજદારી કાયદાઓને અંગ્રેજીમાં નામ બદલવાની તેમની અરજીનો નિકાલ ન થાય ત્યાં સુધી તેને લાગુ કરવા પર રોક લગાવવાની પણ માંગ કરી છે. અરજદાર આદિત્યને કહ્યું છે કે, ભારતમાં ૨૮ રાજ્યો અને આઠ કેન્દ્રશાસિત પ્રદેશો છે, ત્યારે માત્ર નવ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં હિન્દી સત્તાવાર ભાષા છે. અરજીકર્તાએ કહ્યું કે, દેશની લગભગ ૪૩.૬૩ ટકા વસ્તી હિન્દી બોલે છે અને બાકીની અન્ય ભાષાઓ બોલે છે. મીડિયાના અહેવાલ અનુસાર આદિત્યને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાને ટાંકીને જણાવ્યું હતું કે, તમિલનાડુમાં માત્ર ૩.૯૩ લાખ લોકો જ હિન્દી બોલી શકતા હતા અને તે છતાં કેન્દ્રએ દેશના ત્રણ સૌથી મહત્ત્વપૂર્ણ ફોજદારી કાયદાઓને હિન્દી અને સંસ્કૃતમા નામ આપવાનું પસંદ કર્યું છે. અરજદારે જણાવ્યું હતું કે, કાયદાનું હિન્દીમાં નામકરણ બિન-હિન્દી ભાષી લોકો માટે મોટી મુશ્કેલીઓમાં પરિણમશે અને એ હકીકત પણ ટાંકી છે કે, સુપ્રીમ કોર્ટ અને મોટાભાગની ઉચ્ચ અદાલતોની સત્તાવાર ભાષા અંગ્રેજી હતી, જેણે સુસંગતતા જાળવવામાં મદદ કરી. આદિત્યને વધુમાં ઉમેર્યું હતું કે, કાયદાઓને હિન્દી અને સંસ્કૃતમાં નામ આપવાથી વકીલોના અધિકારોનું ઉલ્લંઘન થાય છે.

# '૮૦ બેઠકો જીતી જાઉં તો પણ EVM ઉપર ભરોસો નથી...' લોકસભામાં સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ



નવી દિલ્હી, તા. ૪

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે તાજેતરમાં પૂર્ણ થયેલી ચૂંટણીમાં ૩૭ લોકસભા બેઠકો જીત્યા બાદ લોકસભામાં તેમના સંબોધન દરમ્યાન ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM) ઉપરના તેમના અવિશ્વાસનો પુનરોચ્ચાર કર્યો હતો. કન્નૌજના સાંસદ અખિલેશ યાદવે ઈવીએમ ઉપર પોતાના વલણ ઉપર ભાર મૂકતા કહ્યું કે, "મને ગઈકાલે ઈવીએમ ઉપર ભરોસો ન હતો, આજે પણ મને વિશ્વાસ નથી. જો હું ૮૦ સીટો જીતીશ તો પણ મને વિશ્વાસ નથી." અખિલેશ યાદવે વધુમાં જણાવ્યું હતું કે, "ચૂંટણી દરમ્યાન મેં ઉલ્લેખ કર્યો હતો કે EVM દ્વારા જીત્યા પછી અમે તેને દૂર કરવાની દિશામાં કામ કરીશું. EVMનો મુદ્દો મરી ગયો નથી. જ્યાં સુધી EVM નાબૂદ નહીં થાય ત્યાં સુધી સમાજવાદી સમર્થકો આ બાબતે અડગ રહેશે." અખિલેશ યાદવે મંદિરના શહેર અયોધ્યામાં ભાજપની હારને ભારતના પરિપક્વ મતદારોની લોકતાંત્રિક સમજણની જીત ગણાવી હતી. સપાનાપ્રમુખે ભાજપ ઉપર પ્રહાર કરતા કહ્યું કે લોકો કહે છે કે આ સરકાર નહીં ચાલે. રાષ્ટ્રપતિના અભિભાષણ ઉપર ધન્યવાદ પ્રસ્તાવ ચર્ચા દરમ્યાન સમાજવાદી પાર્ટીના પ્રમુખે કહ્યું કે, "આવામ ને તોડ દિયા હુકુમત કા ગુરૂર...દરબાર તો લગા હૈ...ગમગીન, બેનૂર હૈ ઉપર...એવું લાગે છે કે પહેલીવાર હારેલી સરકાર છે. લોકો કહી રહ્યા છે કે આ સરકાર નહીં ચાલે. તે (લોકસભા) ચૂંટણીમાં ભારતની ગઠબંધન માટે એક નૈતિક જીત હતી." અખિલેશ યાદવે તેમના ભાષણ દરમ્યાન ગંગા નદીની સફાઈ, રખડતા ઢોર, ખેડૂતોના લેણાં અને પેપર લીક જેવા મુદ્દાઓ ઉપર શાસક ભાજપને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો.

# કોંગ્રેસે 'સૈનિક શાળાઓ RSSને સોંપવા' અંગે સરકાર ઉપર સવાલ ઊઠાવ્યા

નવી દિલ્હી, તા.૪

કોંગ્રેસના અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા 'આરએસએસની વિચારધારા ધરાવતા લોકોને સૈનિક શાળાઓ સોંપવા' અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે લખ્યું કે, સૈનિક શાળાઓ સરકારી ક્ષેત્રમાં બનાવવામાં આવી હતી. તેમને ખાનગી ક્ષેત્રને આપવાના નામે આરએસએસના લોકોને આપવામાં આવી રહી છે. વૃંદાવન (યુપી), સોલન (હિમાચલ), રોહતક (હરિયાણા) અને તવાંગ (અરૂણાચલ) જેવી શાળાઓ ભાજપ-આરએસએસના લોકોને સોંપવામાં આવી છે. આ યોગ્ય નથી. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, જો આ બધું ખાનગી ક્ષેત્રને સોંપવામાં આવે તો ગરીબ, વંચિત, દલિત, આદિવાસી અને પછાત વર્ગના બાળકો ક્યાં ભણશે ? સેનાને આર્મી રહેવા દો. રાજકારણ માટે અન્ય ઘણા ક્ષેત્રો છે. ખડગેએ કહ્યું કે, મોદી સરકારે અગ્નિવીર જેવી બિનઆયોજિત તુઘલકી યોજનાઓ લાવીને યુવાનોનું મનોબળ તોડ્યું છે.

# અમેરિકી સ્થિત સ્પેસ એક્સપ્લોરેશન એન્ડ રિસર્ચ એજન્સીએ માનવ અવકાશ ઉડાન કાર્યક્રમમાં ભારતને ભાગીદાર બનાવ્યું

નવી દિલ્હી, તા.૪

અવકાશને લોકશાહી બનાવવાના પ્રયાસમાં યુએસ સ્થિત સ્પેસ એક્સપ્લોરેશન એન્ડ રિસર્ચ એજન્સી (SERA) અને બ્લુ ઓરિજિને તેમના માનવ અવકાશ ઉડાન કાર્યક્રમમાં ભારતને ભાગીદાર રાષ્ટ્ર તરીકે જાહેર કર્યું.

**હ્યુમન સ્પેસફ્લાઈટ પ્રોગ્રામ વિશે**

SERA ભારતના નાગરિકોને બ્લુ ઓરિજિનના ભાવિ મિશન ઓફ રિયુઝેબલ રોકેટ ન્યૂ શેપર્ડની અંતરિક્ષની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સીમા કાર્મન લાઈન (૧૦૦ કિ.મી.)ની ૧૧ મિનિટની મુસાફરી ઉપર બેઠક ઓફર કરશે. ભારતીય નાગરિકો છ બેઠકોનો ભાગ હશે કે જે SERA અને બ્લુ ઓરિજિનનો હેતુ એવા દેશોના લોકોને ઓફર કરવાનો છે કે, જેમણે અવકાશમાં થોડા કે કોઈ નાગરિક અવકાશયાત્રીઓ મોકલ્યા નથી. અવકાશયાત્રીઓ લેન્ડિંગ પેડ ઉપર પાછા ફરતા નિયંત્રિત ઉતરાણ કરતા પહેલાં કેટલીક મિનિટો વજનહીનતાનો અનુભવ કરશે. SERAના સહ-સ્થાપક જોશુઆ સ્કુરલાએ કહ્યું, 'અમે અમારા માનવ અવકાશ ઉડાન કાર્યક્રમના ભાગરૂપે ભારતને લઈને ઉત્સાહિત છીએ.'

'ચંદ્રના દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનાર પ્રથમ દેશ બનવા' બદલ ભારતની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે, કંપનીનો હેતુ 'દરેક માટે અવકાશ સુલભ બનાવવાનો છે અને અવકાશ યાત્રાના અજાયબીઓનો અનુભવ કરવા ઈચ્છતા ભારતીય નાગરિકને આ અનોખી તક આપવાનો અમને આનંદ છે.' કોઈપણ ભારતીય નાગરિક આ કાર્યક્રમ માટે લગભગ ૨.૫૦ ડોલરની ફી ચૂકવીને રજિસ્ટ્રેશન કરાવી શકે છે જેથી વેરિફિકેશન ચેકના ખર્ચને આવરી લેવામાં આવે જે સુરક્ષિત અને ન્યાયી મતદાનની ખાતરી આપે છે. અંતિમ ઉમેદવારોને તેમની વાર્તાના આધારે લોકો દ્વારા મત આપવામાં આવશે જેને તેઓ તેમના મિશન પ્રોફાઈલ પૃષ્ઠો, સોશિયલ મીડિયા અને અન્ય સંસાધનો દ્વારા નવા શેપર્ડ મિશન ઉપર અવકાશમાં જવાની તક માટે પ્રમોટ કરી શકે છે. સંભવિત અવકાશયાત્રીઓને બ્લુ ઓરિજિનની ભૌતિક જરૂરિયાતો પૂરી કરવાની જરૂર પડશે. છ જણનો અંતિમ ક્રૂ વેસ્ટ ટેક્સાસમાં બ્લુ ઓરિજિનની લોન્ચ સાઈટ ઉપર તાલીમ માટે ફ્લાઈટના ત્રણ દિવસ પહેલાં પહોંચશે.

# ગીર સોમનાથ જીલ્લા પોલીસ સ્ટેશનની હદમાં નવા ગામોનો ઉમેરો- કમી કરાયા



## વર્ષો જુના પડતર મુદા અંગે જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાએ ઉચ્ચકક્ષાએ મોકલેલ દરખાસ્ત મંજુર થતા ૧ જુલાઈથી શરૂ થયું અમલીકરણ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૪

ગીર સોમનાથ જીલ્લામાં કેટલાક પોલીસ સ્ટેશન હસ્તકના ગામો જે તે ગામમાં વસ્તા લોકો અને ફરીયાદીઓ માટે તેની નજીકનું પોલીસ સ્ટેશન હોવા છતાં દુર સુધી લાંબુ થવું પડતું અને હાલાકી ભોગવવી પડતી હતી.

ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડાએ જયારથી ચાર્જ સંભાળેલ ત્યારથી તેનો અભ્યાસ કરી પોતાની સુઝબુઝ તેમજ લોકોને પોલીસની મદદ નજદીકથી અને ઝડપી મળે તે માટે ખાસ દરખાસ્ત તૈયાર કરી ઉચ્ચકક્ષાએ મોકલેલ હતી. જે મંજુર થતા હવે ગત ૧ જુલાઈથી ગીર સોમનાથ પોલીસ સ્ટેશન હસ્તકના ગામોમાં નીચે મુજબ ફેરફારો અમલી બન્યા છે.

કાજલીને પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં સમાવાયું છે જે અત્યાર સુધી સોમનાથ મરીન પોલીસ સ્ટેશન હસ્તક હતું. આમ પ્રભાસ પાટણ પોલીસમાં એક ગામ ઉમેરાતા કુલ ૪૯ ગામો થયા છે.

વેરાવળ પોલીસ સ્ટેશનમાં વેરાવળ નજીક આવેલ હુડકો સોસાયટી, ક્રિષ્ના સોસાયટીને પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાંથી કમી કરી વેરાવળ સીટીમાં ઉમેરો કરાયો છે. વાસ્તવમાં તેને વેરાવળ નજીક પડે છે તે સોસાયટી અત્યાર સુધી ૧૦ કિ.મી. દુર પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં હતી.

સોમનાથ મરીન પોલીસ સ્ટેશનમાંથી કાજલીને પ્રભાસ પાટણમાં અને મરીન હસ્તકના લાટી, કદવાર, હિરાકોટનો સુત્રાપાડા પોલીસ સ્ટેશનમાં સમાવેશ કરાયો છે. હવે મરીન પોલીસ સ્ટેશન હસ્તક વેરાવળથી મુળ દ્વારકા, કોડીનાર અને ચોરવાડ હસ્તકનો દરિયા કિનારો તેમજ આદ્રિ, ડારી, નવાપરા, વડોદરા ડોડીયા એમ ચાર ગામો રહે છે.

આવી જ રીતે ગીરગઢડા પોલીસ મથકમાં ઉના પોલીસ સ્ટેશનની હદમાંથી કમી થયેલા ૧૪ ગામો ઉમેરાયા છે. તેમજ નવાબંદર મરીન પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં નલીયા માંડવી, નાંદણ, રાજપરા એમ ત્રણ ગામો ઉમેરાયા છે. જયારે ઉના પોલીસ સ્ટેશનમાં સિમાસી, ભેભા, ડમાસા, મઘરડી, રાણવશી સહિત પાંચ ગામો ઉમેરાયા છે. આમ ઉના-ગીરગઢડા, નવાબંદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૨ ગામોમાં ફેરફાર થયેલ છે.

# સ્વ.નારસિંહભાઈ પઢિયારની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે રકતદાન કેમ્પ યોજાયો



જૂનાગઢ તા. ૪

સ્વ.નારસિંહભાઈ પઢિયારની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથી નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રધ્ધાંજલી અર્પણ અને રકતદાન કેમ્પનું આયોજન કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં સમિતિના આગેવાન બટુકભાઈ મકવાણા, એડવોકેટ જીશાન હાલેપૌત્રા, વહાબભાઈ કુરેશી, માજી કોર્પોરેટર સૈયદ અસદ મહંમદ હુસેન સહિતના આગેવાનો ઉપસ્થિત્ રહયા હતા.

# શકિત ચેરીટેબલ ટ્રસ્ટમાં નવા ટ્રસ્ટી મંડળની રચના કરાઈ

જૂનાગઢ તા. ૪

શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટની ગાયત્રી મંદિર ખાતે બીજી કારોબારી સભા મળી હતી. જેમાં સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી આશિષભાઈ રાવલ તથા રાજુભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ નવા ટ્રસ્ટીઓની આગામી બે વર્ષ માટે નિમણૂંક કરવામાં આવી છે. જેમાં નિમણૂંક થયેલા ટ્રસ્ટીઓમાં હિનાબેન જાની, નયનાબેન પારેખ, રેખાબેન આહીર, અનીલભાઈ સુબા, પરેશભાઈ પરમાર, હરેશભાઈ ઠાકર, અજયભાઈ પુરોહીત, કિશોરભાઈ જાની, યોગેશભાઈ જોષી, હરેશભાઈ પુરોહીત, નિરાવભાઈ રાવલ અને કિશોરભાઈ ખંભોળીયાનો સમાવેશ થયેલ છે.

### હિન્દુ સંગઠનો દ્વારા હુમલાનો ખતરો

# કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના નિવાસસ્થાનની સુરક્ષા વધારાઈ

### ઈનપુટ મળતા ગૃહ મંત્રાલયના આદેશ બાદ દિલ્હી પોલીસે રાહુલ ગાંધી અને તેમના નિવાસસ્થાનની સુરક્ષા વધારી



નવી દિલ્હી, તા.૪

સંસદમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીના હિંદુઓને લઈને આપેલા નિવેદનને લઈને ઘણો વિવાદ થયો છે. આ બધાની વચ્ચે દિલ્હી પોલીસને ઈન્ટેલિજન્સ વિભાગ તરફથી ઈનપુટ મળ્યા છે કે હિન્દુ સંગઠનો સાથે જોડાયેલા લોકો કોંગ્રેસ નેતા પર હુમલો કરી શકે છે. આવી સ્થિતિમાં ગૃહ મંત્રાલયના આદેશ બાદ દિલ્હી પોલીસે રાહુલ ગાંધી અને તેમના નિવાસસ્થાનની સુરક્ષા વધારી દીધી છે. આવાસ પર વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે. તેમજ આ વિસ્તારમાં રહેતા કોંગ્રેસના નેતાઓ પર પણ નજર રાખવામાં આવી રહી છે. નવી દિલ્હીમાં ગુપ્તચર તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોમવારે હિન્દુઓને લઈને નિવેદન આપ્યું હતું. આ પછી દિલ્હી પોલીસને મોડી રાત્રે ઈનપુટ મળ્યા કે હિન્દુ સંગઠનોના નેતાઓ રાહુલ ગાંધી પર હુમલો કરી શકે છે. આ સંસ્થાઓના લોકો નવી દિલ્હી વિસ્તારમાં પોસ્ટર અને બેનરો વગેરે લગાવી શકે છે. રાહુલ ગાંધીના નિવાસસ્થાને બે પ્લાટૂન ફોર્સ તૈનાત કરવામાં આવી છે. એક પ્લાટૂનમાં ૧૬ થી ૧૮ પોલીસકર્મીઓ હોય છે. આ ઉપરાંત તુગલક રોડ પોલીસ સ્ટેશનમાંથી ૮ થી ૨૦ વધારાના પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે. નવી દિલ્હી જિલ્લાની સરહદો સીલ કરી દેવામાં આવી છે. લોકોને ચેકિંગ કર્યા પછી જ નવી દિલ્હીમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી રહી છે. નવી દિલ્હી વિસ્તારમાં પેટ્રોલિંગ પણ વધારી દેવામાં આવ્યું છે.

નવી દિલ્હી જિલ્લા પોલીસના ડેપ્યુટી કમિશનર દેવેશ મહાલાએ સોમવારે રાત્રે જિલ્લામાં તૈનાત તમામ છઞઁ અને પોલીસ સ્ટેશનના વડાઓને સંદેશ આપ્યો હતો અને તેમને તેમના વિસ્તારોમાં સુરક્ષા વધારવાનો આદેશ આપ્યો હતો. તમામ પોલીસ સ્ટેશનના વડાઓને તેમની ઈન્ટેલિજન્સ સિસ્ટમ મજબૂત કરવા કહેવામાં આવ્યું છે. હિંદુ સંગઠનો પર ચાંપતી નજર રાખવા ઉપરાંત તેમની આગામી રણનીતિ શોધવાના આદેશ પણ આપવામાં આવ્યા છે. નવી દિલ્હી વિસ્તારમાં રહેતા કોંગ્રેસના નેતાઓની ગતિવિધિઓ પર નજર રાખવા પણ કહેવામાં આવ્યું છે.



મારો પુત્ર ભણવામાં સુર્ય જેવો તેજસ્વી છે, તો પછી તેને વિનયન પ્રવાહમાં શા માટે ભણાવું?



પુત્ર મોટો થઈને વિનયન પ્રવાહમાં અભ્યાસ કરે કે સાયન્સમાં, તેને કોઈ ફેર નહિ પડે. કારણ કે તેને તો તમારો રાજકીય વારસો જ સંભાળવાનો ને?

# જાણીતા ઉદ્યોગપતિનો તેમના જન્મદિવસ નિમિત્તો સમાજ ઉપયોગી સંદેશ



જૂનાગઢ તા. ૪

શ્રી અરૂણકુમાર જેન્તીલાલ મુછાળા કે જેઓ મુંબઈના જાણીતા ઉદ્યોગપતિ, કેળવણીકાર, સુરજ ફનવર્ડ મુંબઈ, સુરજ સિનેપ્લેકસ સુરજ ફનવર્ડ જૂનાગઢના માલિક છે. તેમના જન્મદિવસ વદ-૧૧ યોગીની એકાદશીના રોજ આવે છે. તે ભારતીય સંસ્કૃતિ અને કેલેન્ડર મુજબ જ ઉજવે છે. તેઓનું કહેવું છે કે, અંગ્રેજી કલ્ચરને અનુસરણને બદલે સમાજને ઉપયોગી ઉમદા કાર્ય દ્વારા બાર્થ ડે ઉજવ્યો. તેમણે ૧૧ વૃક્ષો વાવ્યા, ૫ આંબા, ૩ ચંદન, ૩ રૂદ્રાક્ષના ઝાડ વાવ્યા હતા. તેઓએ કહયું કે મને બર્થ ડે વિષ કરવી હોય તો એક વૃક્ષ વાવો એટલે મને મારી બર્થ ડે વિશ તેમજ ગીફટ મળી ગઈ એવી ખુશી થશે. ખરેખર આ એક સમાજ ઉપયોગી ઉમદા સંદેશ છે. જો દરેક લોકો આ રીતે બર્થ ડે ઉજવે તો વિશ્વમાં ગ્લોબલ વોર્મીંગનો પ્રશ્ન જ હલ થઈ શકે તેમ છે. આ પ્રસંગે હસુભાઈ સોની (ધારી), રમણીકભાઈ મહેતા (જૂનાગઢ), કે.ટી. ગૌતમી (જૂનાગઢ) દ્વારા વૃક્ષ વાવીને ઉજવ્યો હતો અને આ ઉમદા સંદેશને સમાજમાં આગળ ધપાવવા પ્રેરણા આપી છે.

### દેવભૂમિ દ્વારકા જીલ્લાના

# દસ વર્ષ જૂના આધારકાર્ડ ધરાવતા નાગરિકોને નિઃશુલ્ક અપડેટ કરવાની સમયમર્યાદા લંબાવાઈ

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા.૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જે નાગરિકોએ ૧૦ વર્ષથી આધાર કાર્ડ અપડેટ કરાવ્યું ન હોય, તેવા નાગરિકો આધારકાર્ડ સરળતાથી વિનામૂલ્યે અપડેટ કરી શકે તે હેતુથી યુઆઈડીએઆઇ **(UIDAI)**ની વેબસાઈટ પર સમયમર્યાદા લંબાવવામાં આવી છે. ઉપરોક્ત આધાર કાર્ડ ધારકો તા. ૨૪ સપ્ટેમ્બર સુધી **https:// myaadhar. uidai.gov.in/** પોર્ટલ ઉપર વિનામુલ્યે પોતાની ડોક્યુમેન્ટ અપડેટ કરી શકશે તેમ દેવભૂમિ દ્વારકા જિલ્લા અધિક કલેકટરની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢમાં ભોઈ જ્ઞાતિ યુવા ક્રાંતિ મંડળ દ્વારા આઠમો સરસ્વતી સન્માન સમારોહ યોજાશે

જૂનાગઢ તા. ૪

શ્રી ભોઈ જ્ઞાતિ યુવા ક્રાંતિ મંડળ જૂનાગઢ દ્વારા આઠમો સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સમસ્ત ભોઈ સમાજના જૂનાગઢમાં વસતા વિદ્યાર્થીઓ કે જે ધો.૮ થી ઉપલી કક્ષામાં વર્ષ ૨૦૨૪ માં ૬૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેમજ ધો.૧થી૭ સુધીમાં ૮૦ ટકા ગુણ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ તા.૫-૭-૨૪ થી ૨૦-૭-૨૪ સુધી કાર્યાલય ખાતે ફોર્મ ભરી અને પરત આપવાના રહેશે. ફોર્મ સાથે વિદ્યાર્થીની માર્કશીટ, પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા આધાર કાર્ડની ઝેરોક્ષ સાથે લઈ આવવાની રહેશે.

ફોર્મ ભરવા માટે સમાજની કાર્યાલય ઓફીસ અશોકભાઈ ચુડાસમા (એડવોકેટ), ૧૦૯, પહેલો માળ, મંગલમુર્તિ કોમ્પ્લેક્ષ, જવાહર રોડ, કાળવા ચોક, જૂનાગઢ ખાતે સાંજે ૬ થી ૯ કલાક દરમ્યાન સંપર્ક સધવાનું રહેશે. આ અંગેની વધુ માહિતી માટે અશોકભાઈ બ્રહ્માણી (મો.૯૮૭૯૦ ૨૫૧૩૨), નગીનભાઈ વાઘેલા (૭૯૯૦૨-૭૮૭૨૬), અશોકભાઈ ચુડાસમા (૯૩૭૫૩૯૩૯૨૫) નો સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

### ૨૫૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મુક્યા

# અનઅકેડમી કંપનીએ ત્રીજી વાર કર્મચારીઓની છટણી કરી

### પરિચાલનને સુવ્યવસ્થિત બનાવવાનો પ્રયાસ કરી રહી છે કંપની

મુંબઈ, તા.૪

ભારતમાં એડટેક સેક્ટરની હાલત અત્યારે સારી ચાલી રહી નથી. એક સમયે દેશમાં સ્ટાર્ટઅપના ઉભારની આગેવાની કરી રહેલા આ સેક્ટર પર છેલ્લા કેટલાક સમયથી ગ્રહણ લાગ્યું છે. પહેલા બાયજુ નાણાકીય સંકટોમાં ફસાયું અને હવે અનઅકેડમી ખરાબ સંકેતો આપી રહી છે.

સોફ્ટબેંકના રોકાણવાળી એડટેક સ્ટાર્ટઅપ કંપની અનઅકેડમીએ એક વખત ફરીથી પોતાના ઘણા કર્મચારીઓને કામમાંથી કાઢી મૂક્યા છે. ઈટીના એક અહેવાલમાં છંટણી સાથે સંકળાયેલા સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે અનઅકેડમીએ છંટણીના તાજા રાઉન્ડમાં ૨૫૦ કર્મચારીઓને બહાર કાઢ્યા છે. આ છંટણી એટલા માટે ચિંતાનો વિષય બની જાય છે, કારણ કે અનઅકેડમીએ પહેલી વખત છંટણી કરી નથી. કંપની આ પહેલા પણ બે વખત છંટણી કરી ચૂકી છે.

અહેવાલ અનુસાર, અનઅકેડમીએ જે કર્મચારીઓની છંટણી કરી છે, તેમાં લગભગ ૧૦૦ કર્મચારીઓ બિઝનેસ ડેવલપમેન્ટ અને માર્કેટિંગ જેવી કોર ટીમના છે. તેમના સિવાય સેલ્સ ડિપાર્ટમેન્ટના કર્મચારીઓ પર પણ છંટણીની ગાજ પડી છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે અનઅકેડમીએ પણ કર્મચારીઓની છંટણીની વાત સ્વીકારી છે અને આ અંગે એક નિવેદન જારી કર્યું છે. કંપનીનું કહેવું છે કે તે વ્યવસાયની પોતાની કાર્યક્ષમતાને વધુ સારી બનાવવા માંગે છે અને ઓપરેશનને સ્ટ્રીમલાઈન કરવાનો પ્રયાસ કરી રહી છે. આ છંટણી તે જ પ્રયાસોનો એક ભાગ છે.

અનઅકેડમી આ પહેલા ૨૦૨૨ અને ૨૦૨૩માં પણ છંટણી કરી ચૂકી છે. કંપનીએ સૌથી પહેલી વખત આજથી લગભગ ૨ વર્ષ પહેલા એપ્રિલ ૨૦૨૨માં છંટણી કરી હતી. પ્રથમ છંટણીમાં અનઅકેડમીના લગભગ ૧ હજાર કર્મચારીઓની નોકરી પર ગાજ પડી હતી. તેમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા અને ફુલ ટાઈમ કામ કરતા બંને પ્રકારના કર્મચારીઓ હતા. તે પછી કંપનીએ માર્ચ ૨૦૨૩માં બીજા રાઉન્ડની છંટણી કરી હતી, જેમાં ૩૮૦ લોકોની નોકરીઓ ગઈ હતી.

વાસ્તવમાં કોવિડ દરમિયાન અભ્યાસની ઓનલાઈન પ્રવૃત્તિઓમાં તેજી આવી હતી. તે સમયે એડટેક સેક્ટરમાં ઘણી નવી કંપનીઓએ શાનદાર વૃદ્ધિ નોંધાવી. બાયજુ તે લહેર પર સવાર થઈને દેશની સૌથી મૂલ્યવાન સ્ટાર્ટઅપ કંપની બની ગઈ હતી. હાલમાં કંપની એવા ઊંડા નાણાકીય સંકટમાં ફસાયેલી છે કે કર્મચારીઓને સમયસર પગાર આપવામાં પણ મુશ્કેલીઓ આવી રહી છે.

કોવિડ પછીના વર્ષોમાં ધીરે ધીરે ફરીથી અભ્યાસ લેખનની ઓનલાઈન પ્રવૃત્તિઓ માંગમાં આવવા લાગી છે, જેનાથી ઓનલાઈન માધ્યમ પર ધ્યાન કેન્દ્રિત કરી રહેલી નવી કંપનીઓને મુશ્કેલીઓ થઈ રહી છે. સેક્ટરની ઘણી અન્ય નવી કંપનીઓ જેવી કે બાયજુ, ફિઝિક્સવાલા વગેરેની જેમ અનઅકેડમી પણ ઓફલાઈન બિઝનેસ પર વધુ ધ્યાન આપી રહી છે.

### બુમરાહે બનાવી દીધો અનોખો વર્લ્ડ રેકોર્ડ

# બુમરાહ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તો બન્યો પરંતુ તેના ખાતામાં એક પણ રન નથી

### ટુર્નામેન્ટમાં બુમરાહને ફક્ત એક જ વખત બેટિંગ કરવાની તક મળી અને તેમાં તે ગોલ્ડન ડકનો ભોગ બન્યો



નવી દિલ્હી, તા.૪

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ ટુર્નામેન્ટ હાલમાં જ પૂરી થઈ અને ભારતે આ ટુર્નામેન્ટ જીતી લીધી. જેમાં બોલરોનું જબરદસ્ત પરફોર્મન્સ જોવા મળ્યું. જો કે બેટર્સ માટે આ ટુર્નામેન્ટ થોડી પડકારજનક રહી. આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ ટીમ ઈન્ડિયાએ જીત્યો અને જસપ્રીત બુમરાહ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર થયો. બુમરાહે આ એવોર્ડ જીતતાની સાથે જ એક અનોખો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો. તેણે કઈક એવું કર્યું કે જે કોઈ કરી શક્યું નથી.

જસપ્રીત બુમરાહે કઈક એવું કરીને દેખાડ્યું છે કે જે મેન્સ કે વીમેન્સ ટી૨૦ વર્લ્ડ કપમાં મળીને પણ કોઈ કરી શક્યું નથી. બુમરાહ ટી૨૦ વર્લ્ડ કપ ઈતિહાસનો પહેલો એવો ખેલાડી બન્યો છે જે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તો બન્યો પરંતુ તેના ખાતામાં એક પણ રન નથી. ટુર્નામેન્ટમાં બુમરાહને ફક્ત એક જ વખત બેટિંગ કરવાની તક મળી અને તેમાં તે ગોલ્ડન ડકનો ભોગ બન્યો હતો. ટીમ ઈન્ડિયાએ સમગ્ર ટુર્નામેન્ટમાં કુલ ૯ મેચ રમી, જેમાંથી બાકીની આઠ મેચોમાં તો બુમરાહને બેટિંગની તક જ નહતી મળી. બુમરાહે ટી૨૦ વર્લ્ડ કપમાં કુલ ૧૫ વિકેટ લીધી અને ટીમ ઈન્ડિયાના સૌથી મોટા ગેમ ચેન્જર તરીકે ઊભરી આવ્યો. ભારતીય ટીમ જ્યારે જ્યારે હારની કગારે પહોંચી ત્યારે બુમરાહે પોતાની બોલિંગથી મેચનું પાસું પલટી નાખ્યું. ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં બુમરાહનો ઈકોનોમી રેટ ૪.૧૭નો રહ્યો જે કોઈ પણ મેન્સ ટી૨૦ વર્લ્ડ કપમાં ૧૦૦થી વધુ બોલ ફેંકનારા બોલરોમાં બેસ્ટ ઈકોનોમી રેટ છે. બુમરાહની બોલિંગમાં સમગ્ર ટુર્નામેન્ટમાં કુલ ૧૨ વાર એવું બન્યું કે બોલ બાઉન્ડ્રી પાર ગયો જેમાંથી છગ્ગા તો માત્ર ૨ જ હતા.

બુમરાહ અગાઉ વનડે વર્લ્ડ કપમાં બે ખેલાડીઓ એવા રહ્યા છે જેઓ એક પણ રન કર્યા વગર પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ બન્યા હતા. ગ્લેન મેકગ્રાથે આ કારનામું ૨૦૦૭ વર્લ્ડ કપમાં કર્યું હતું. જ્યારે ૧૧ મેચમાં તેમને એક પણ મેચમાં બેટિંગ કરવાની તક મળી નહતી. જ્યારે ઓસ્ટ્રેલિયાના જ મિશેલ સ્ટાર્કે પણ આ કારનામું ૨૦૧૫ના વર્લ્ડ કપમાં કર્યું હતું. ત્યારે સ્ટાર્કને બેટિંગની તક મળી હતી પરંતુ તેના બેટથી એક પણ રન થયો નહતો.

### મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આગામી ઓગસ્ટ-૨૦૨૪થી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન વિવિધ તબક્કે સંભવત

# અંદાજે ૨૪,૭૦૦થી વધુ શિક્ષકોની ભરતી પ્રક્રિયાના સૂચિત કેલેન્ડરને આખરી ઓપ અપાયો

### શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૪-૨૫માં રાજ્યભરની સરકારી પ્રાથમિક અને સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીના સમયબદ્ધ આયોજન

(પ્રતિનિધી દ્વારા)
ગાંધીનગર તા.૪

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકે રાજ્યની સરકારી પ્રાથમિક અને સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ સ્તરે શિક્ષકોની ભરતી પ્રક્રિયાના સમયબદ્ધ આયોજન માટેના સૂચિત ભરતી કેલેન્ડરને આખરી ઓપ આપ્યો છે.

શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર તેમજ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાના સીધા માર્ગદર્શન હેઠળ આ સૂચિત ભરતી કેલેન્ડરનાં સમયબદ્ધ અમલીકરણ થકી આગામી ઓગષ્ટ-૨૦૨૪થી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન જુદી-જુદી સંભવિત તારીખોએ વિવિધ જગ્યાઓ પર અંદાજે ૨૪,૭૦૦થી વધુ શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટેની જાહેરાત પ્રસિદ્ધ કરીને ભરતીની પ્રક્રિયા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીશ્રી ઋષિકેશ પટેલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની વર્તમાન સરકારે રાજ્યના યુવાઓના વિશાળ હિતમાં કરેલા આ મહત્વપૂર્ણ આયોજનની વિસ્તૃત વિગતો આપી હતી.

પ્રવકતા મંત્રીશ્રીએ આ સંદર્ભમાં કહ્યું હતું કે, ભરતી પ્રક્રિયાના સૂચિત કેલેન્ડર અનુસાર ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્ય (HMAT PASS ઉમેદવારો)ની ૧૨૦૦ જેટલી અંદાજિત સંખ્યા અને ગ્રાન્ટેડ શાળાઓમાં જુના શિક્ષકની અંદાજિત ૨૨૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટે સંભવિત જાહેરાતની તા. ૦૧/૦૮/૨૦૨૪ રહેશે.

પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું કે, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક (TAT HIGHER SECONDARY પાસ ઉમેદવારો)ની કુલ મળીને અંદાજે ૪૦૦૦ જેટલી જગ્યાઓ જેમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટે ૭૫૦ અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટે ૩૨૫૦ જગ્યાઓનો સમાવેશ થાય છે તેની સંભવિત જાહેરાતની તા. ૦૧/૦૯/૨૦૨૪ રહેશે.

આ ઉપરાંત સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની કુલ ૩૫૦૦ જગ્યાઓ માટેની જાહેરાતની સંભવિત તા.૦૧/૧૦/૨૦૨૪ રહેશે જેમાં સરકારી માધ્યમિક શિક્ષણ સહાયક (TAT SECONDARY પાસ ઉમેદવારો)ની ૫૦૦ જગ્યા અને ગ્રાન્ટેડ માધ્યમિક શિક્ષણ સહાયક (TAT SECONDARY પાસ ઉમેદવારો)ની ૩૦૦૦ જગ્યા માટે ભરતી જાહેરાત થશે.

સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે TET-2 પાસ ઉમેદવારો માટેની અંદાજે ૭૦૦૦ જગ્યાઓ માટેની સંભવિત ભરતી જાહેરાતની તા. ૦૧/૧૧/૨૦૨૪ રહેશે. સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (અન્ય માધ્યમ) ટેટ-૨ પાસ ઉમેદવારોની અંદાજે ૬૦૦ જેટલી જગ્યાઓ માટે સંભવતઃ તા. ૦૧/૧૧/૨૦૨૪ના રોજ જાહેરાત કરાશે.

આ ઉપરાંત સરકારી પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે ટેટ-૧ પાસ ઉમેદવારો માટેની અંદાજે ૫૦૦૦ જગ્યાઓ માટે તેમજ સરકારી પ્રાથમિક શાળાઓમાં અન્ય માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે ટેટ-૧ પાસ ઉમેદવારો માટેની અંદાજે ૧૨૦૦ જગ્યાઓ માટે ભરતી માટે સંભવતઃ તા.૦૧/૧૨/૨૦૨૪ના રોજ જાહેરાત થશે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વધુમાં કહ્યું કે, TET-1 અને TET-2 ઉમેદવારોના સંબંધિત પરીક્ષાના પ્રમાણપત્રની માન્યતાની અવધિ અંગે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મહત્વનાં નિર્ણયો કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે, આ નિર્ણયો અનુસાર આજે જાહેર થયેલી ભરતીમાં TET-1માં વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૩ સુધી પાસ થયેલા તમામ ઉમેદવારો તથા TET-2 માં ૨૦૧૧ થી ૨૦૨૩ સુધીમાં પાસ થયેલા તમામ ઉમેદવારો ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઉમેદવારી કરી શકશે.

પ્રવક્તા મંત્રીએ જણાવ્યું કે, આ ભરતી બાદ ૨૦૨૩માં TET-1 અને TET-2 પાસ થયેલા ઉમેદવારોના પ્રમાણપત્રની માન્યતાની અવધિ પ્રમાણપત્ર ઈશ્યુ કર્યાની તારીખથી ૫ વર્ષ અથવા તો NCTE દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત નવું માળખું જાહેર થાય તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીની રહેશે.

એટલું જ નહીં, વર્ષ-૨૦૨૩ પહેલા TET-1 અને TET-2 પરીક્ષા પાસ થયેલા ઉમેદવારોના શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્ર આ ભરતી પ્રક્રિયા માટે માન્ય ગણાશે. ત્યારબાદ વર્ષ-૨૦૨૩ પહેલાના શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની અવધિ માન્ય ગણવાની રહેશે નહીં તેમ પ્રવકતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

તેમને વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારના તા. ૨૯-૦૪-૨૦૨૩ના ઠરાવ પ્રમાણે સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરતી માટે TAT-માધ્યમિક અને છ-ઉચ્ચતર માધ્યમિકના ઉમેદવારો માટે વર્ષ ૨૦૨૩માં લેવાયેલ દ્વિ-સ્તરીય શિક્ષક અભિરૂચી કસોટીના પરિણામને જ ધ્યાને લેવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની કેબિનેટ બેઠકના આ નિર્ણયથી રાજ્યની શાળાઓમાં આ ભરતી દ્વારા પૂરતી સંખ્યામાં શિક્ષકો ઉપલબ્ધ થશે તેમજ યોગ્ય ઉમેદવારોને તક મળશે તેમ તેમણે જણાવ્યું હતું.

## ઓઝતના પુરે બામણાસા ઘેડમાં બનાવેલ ગેબિયન વોલને તોડી નાખી : હજારો વિઘા જમીનનું ધોવાણ



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૪

કેશોદના બામણાસા ઘેડ ગામે સિંચાઈ વિભાગ દ્વારા ઓઝત નદીના કાંઠે પથ્થરના ટુંકડાને વાયર ફેન્સિંગથી બોક્સ બનાવી ૧૬૦ મીટર લંબાઈ અને ૯.૭૦ ઉંચાઈ ધરાવતો સ્ટેપવાળો પુર સંરક્ષણ પાળો બનાવવામાં આવ્યો હતો. આ પાળો બનાવવા સરકારને અંદાજીત ૧ કરોડ ૨૪ લાખનો ખર્ચ થયો હતો.

આ પાળો બનતો હતો ત્યારે ખેડુતોએ અધિકારીઓને આ પાળો બાજુમાં રહેલ કોંક્રિટની દિવાલ બરોબર એટલે ૧ મીટર ઉંચો રાખવા વિનંતી કરાઈ હતી છતાં અધિકારીઓ માન્યા ન હતાં તેથી આ પાળો ધોવાણના આક્ષેપ કર્યા હતાં. જયારે સિંચાઈ વિભાગના નાયબ કાર્યપાલક એન.જે. વઘાસિયાએ નકશામાં બતાવેલ પાવાના ધારાધોરણ પ્રમાણે બનાવ્યાનું જણાવ્યું હતું. જો ખેડૂતોએ તેમ કહ્યું હોય અને અધિકારીઓ ન માન્યાં હોય તો ખેડૂતો તેની વાત ઉપર સાચા ઉતર્યા ગણી શકાય. હાલ પાળો ધોવાતાં ખેડૂતો અસહ્ય નુકશાનીનો માર સહન કરી રહ્યાં છે.

## કેશોદના અજાબ ગામે આંગણવાડી ફરતે પાણી ભરાઈ જતાં પરેશાની

(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૪

કેશોદ તાલુકાનાં અજાબ ગામે આવેલ આંગણવાડી કેન્દ્ર નંબર ચાર ફરતે પાણી ભરાઈ જતાં વાલીઓ અને બાળકોને આવવા જવામાં પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે. કેશોદના અજાબ ગામે આવેલ આંગણવાડી કેન્દ્રના સંચાલક બહેન દ્વારા ચોમાસું બેસે તે પહેલાં જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓને રજુઆત કરી આસપાસના મુખ્ય માર્ગ પર પડેલાં ખાડાઓમાં માટી પુરાણ કરી આપવા અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી બ્લોક ફીટ કરાવી આપવા રજુઆત કરી હતી આમ છતાં ગંભીરતા દાખવી અગ્રિમતાના ધોરણે કામગીરી હાથ ધરવામાં ન આવતાં તાજેતરમાં પડેલાં વરસાદ બાદ પરિસ્થિતિ કફોડી બની ગયેલ છે ભરાયેલા પાણીના કારણે માખીઓ મચ્છરોનો ઉપદ્રવ વધતાં બાળકોને પાણીજન્ય રોગો થવાની સંભાવના વધી રહી છે. કેશોદના અજાબ ગામે આવેલ આંગણવાડી કેન્દ્ર નંબર ચાર ના ભુલકાઓ બાળકો જીવના જોખમે આંગણવાડી કેન્દ્ર પર આવે છે ત્યારે આકસ્મિક ઘટના બનશે તો જવાબદારી કોની રહેશે આંગણવાડી કેન્દ્ર પર બાળકોને તેડવા મુકવા આવતાં બાળકોના વાલીઓ આંગણવાડી વર્કર બહેન અને તેડાગર બહેન સાથે વિનાકારણે રકઝક થવાનાં બનાવો બને છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા વહેલાસર કામગીરી હાથ ધરવામાં આવે એવી માંગણી કરવામાં આવી છે.

## જૂનાગઢ જીલ્લામાં બુધવારે ધો.૧૦ની પરીક્ષામાં ૩૪૮૨ છાત્રોમાંથી ૬૩૬ ગેરહાજર

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૪ : જૂનાગઢ જિલ્લામાં ચાલી રહેલ બોર્ડની પરીક્ષામાં તારીખ ૩ને બુધવારના રોજ ધોરણ ૧૦માં બેઝીક ગણિત, સ્ટાન્ડર્ડ ગણિત અને સંસ્કૃત પ્રથમા વ્યાકરણમ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં નામના મૂળતત્વો, હિન્દી દ્વિતીયભાષા અને ધોરણ ૧૨ સાયન્સમાં જીવવિજ્ઞાન વિષયનું પેપર હતું. તેમજ બુધવારે પરીક્ષા દરમ્યાન એક પણ કોપીકેસ નોંધાયેલ નથી. જિલ્લા ડીપીઓ ભાવસિંહ વાઢેરે જણાવ્યું કે, તારીખ ૩ને બુધવારના રોજ ધોરણ ૧૦માં કુલ ૩૪૮૨ છાત્રોમાંથી ૬૩૬ ગેરહાજર, ૨૮૪૬ હાજર રહ્યા હતા. ધોરણ ૧૨ સાયન્સમાં જીવવિજ્ઞાનના પેપરમાં ૧૯૯ પરીક્ષાર્થીમાંથી ૧૪૧ હાજર, ૫૮ ગેરહાજર તેમજ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં નામાના મૂળતત્વો વિષયમાં ૪૫૦ વિદ્યાર્થીમાંથી ૩૩૦ હાજર અને ૧૨૦ ગેરહાજર તથા હિન્દી દ્વિતીયભાષામાં ૬માંથી છ હાજર રહ્યા હતા.

## કેશોદમાં રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદી ભાજપ સંઘ વિરૂધ્ધ કરેલી ટીપ્પણીનો વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વિરોધ કર્યો



(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૪

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિરુદ્ધ કરેલી ટીપ્પણીનો વિરોધ સમગ્ર દેશમાં ભાજપ વિશ્ર્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા કરવામાં આવી રહ્યો છે ત્યારે કેશોદ શહેરમાં ચારચોક ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ ની આગેવાની હેઠળ હોદેદારો કાર્યકરો એકઠાં થઈને સુત્રોચ્ચાર કરી રાહુલ ગાંધીના ફોટાને સળગાવી વિરોધ કર્યો હતો. કેશોદ નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ વિશાલભાઈ ભટ્ટ તાલુકા પ્રમુખ લખનભાઈ કામરીયા, ઉપપ્રમુખ ચિરાગભાઈ સુત્રેજા હિન્દુ યુવા સંગઠનના પ્રમુખ રજનીભાઈ બામરોલીયા શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ ભાલારા સહિત હોદેદારો કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં કેશોદ પોલીસ દ્વારા અટકાયતી પગલાં ભરી પોલીસ સ્ટેશન ખાતે તમામને લઈ જવામાં આવ્યાં હતાં.

## જૂનાગઢનાં ગોરક્ષનાથજી આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાશે

જૂનાગઢ તા. ૪

જૂનાગઢનાં ભવનાથ તળેટીમાં આવેલ ગોરક્ષનાથજી આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. પ.પૂ. ગુરૂમહારાજ શ્રી ૧૦૦૮ યોગીરાજ શ્રી ત્રિલોકનાથજી બાપુની સમાધીનું ગુરૂપુજન સવંત ૨૦૮૦ ગુરૂપૂર્ણિમાનાં દિવસે અષાઢ સુદ-૧૫, રવિવાર તા. ૨૧-૭-૨૪ (ગુરૂપૂનમ)ના રોજ સવારે ૯.૧૫ કલાકે રાખેલ છે. આ પ્રસંગે રાત્રે ૯.૩૦ કલાકે રામદેવજી મહારાજનું અખ્યાન યોજાશે.

સવારે ૯.૧૫ કલાકે સમાધીનું પૂજન કરાશે. તેમજ રાત્રીનાં ૧૦ કલાકે સંતવાણીનાં કાર્યક્રમમાં પરસોત્તમપરી, દેવરાજભાનઈ ગઢવી (નાનો ડેરો), પકલા ઉત્સાદ એન્ડ પાર્ટી રમઝટ બોલાવશે. ભકતજનોને આ ધાર્મિક પ્રસંગનો લાભ લેવા શ્રી ગોરક્ષનાથજી આશ્રમ મહંત પીરશ્રી શેરનાથ બાપુ તથા સમસ્ત સેવક ગણ તરફથી આદેશ કરાયો છે.

## ખંભાળિયામાં ખામનાથ પૂલ પાસેનું કામ ચલાઉ ડાયવર્ઝન ધોવાઈ જતા વાહન ચાલકોને વ્યાપક હાલાકી



(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૪

ખંભાળિયા શહેરમાં પોરબંદર તરફથી પ્રવેશવાના માર્ગમાં આવેલા ખામનાથ પુલ (કેનેડી બ્રિજ) આશરે સવા સદી જૂનો હોવાથી આ પુલ જર્જરીત બની ગયો હતો. જેના કારણે તંત્ર દ્વારા આ પુલને વાહન ચાલકો તથા રાહદારીઓ માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. અને પૂલના બંને છેડે મજબૂત દિવાલની આડસ બનાવી દેવામાં આવી છે. ખંભાળિયા શહેરમાંથી ખામનાથ મંદિર, રામનગર, પોરબંદર રોડ, વિગેરે વિસ્તારોમાં જવા માટે ઉપયોગમાં લેવાતા આ ખામનાથ પૂલ (કેનેડી બ્રિજ)ને થોડા સમય પૂર્વે બંધ કરી દેવામાં આવતા તેના વૈકલ્પિક રસ્તા રૂપે ખામનાથ મંદિર નજીકના ખાલી રહેલી ઘી નદીના વહેણમાં પાઈપો નાખીને ડાયવર્ઝન - કાચો રસ્તો બનાવવામાં આવ્યો હતો. ખંભાળિયા તાલુકામાં ચોમાસાના પ્રારંભે હાલ પ્રથમ વરસાદી રાઉન્ડમાં આશરે ૨૭ ઈંચથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે અને સર્વત્ર વ્યાપક પ્રમાણમાં પાણીની આવક થવા પામી છે. જેના કારણે ખામનાથ પુલ પાસેનું આ ડાયવર્ઝન માટીના કારણે ધોવાઈ જતા અહીંથી દરરોજ પસાર થતાં મોટરસાયકલ ચાલકો ભારે હાલાકીમાં મુકાઈ રહ્યા છે. દરરોજ વાહન ચાલકોના પડવા-આખડવાના બનાવ સામાન્ય બની ગયા છે. ત્યારે આ ડાયવર્ઝન વ્યવસ્થિત રીતે બને તે માટેની માંગ કરાઈ છે. કેનેડી બ્રિજને નવેસરથી બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કરોડ રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવી છે. પરંતુ તાજેતરમાં ચૂંટણીની આચારસંહિતાના કારણે ટેન્ડરિંગ પ્રક્રિયા થઈ શકી ન હતી. ત્યારે છેલ્લા ઘણા સમયથી બંધ રહેલા આ પુલના કારણે નજીકના વિસ્તારમાં રહેતા લોકોને અવરજવર કરવા માટે પાંચ કિલોમીટર લાંબો ફેરો જેટલો કરવો પડે છે.


Large.
Diversified.
Fast-growing.



We're talking about our portfolio of products that's sold in over 70 countries.

- Well-positioned to benefit from our position in the domestic pharmaceutical market
- Largest pharmaceutical company in the gynecology and human immunodeficiency virus ("HIV") antivirals therapeutic areas in India*
- 13 manufacturing facilities; strong in-house R&D expertise; five R&D facilities in India with a team of 548 qualified scientists**
- Six of our brands ranked among the 300 highest selling brands in the Indian Pharmaceutical Market*
- 220 patents granted, 30 pending patent applications in several countries, and submitted 102 DMFs for APIs with the USFDA**

Emcure®
EMCURE PHARMACEUTICALS LIMITED
www.emcure.com

*In terms of Domestic Sales for MAT Financial Year 2024 (Source: CRISIL Report). ** As of March 31, 2024

TOP-5 RISK FACTORS :1) Any manufacturing or quality control problems may damage our reputation, subject us to regulatory action, and expose us to litigation or other liabilities, which could adversely affect our reputation, business, financial condition and results of operations. 2) Our failure to comply with applicable quality standards may result in product liability claims, which could adversely affect our business, financial condition, cash flows and results of operations. 3) Our manufacturing and research and development operations are subject to operational risks. Any slowdown or shutdown in our manufacturing or research and development operations could adversely affect our business, financial condition and results of operations. 4) We are subject to extensive government regulations in India and our international markets, and if we fail to obtain, maintain or renew our statutory and regulatory licenses, permits and approvals required to operate our business, our business, financial condition, results of operations and cash flows may be adversely affected. 5) Any disruptions to the supply, or increases in the pricing, of the raw materials and finished products that we outsource, may adversely affect the supply and pricing of our products and, in turn, adversely affect our business, cash flows, financial condition and results of operations.

Emcure Pharmaceuticals Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the red herring prospectus dated June 26, 2024 with Registrar of Companies, Maharashtra at Pune on June 26, 2024 ("RHP"). The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.emcure.com and on the websites of the BRLMs, i.e. Kotak Mahindra Capital Company Limited, Axis Capital Limited, Jefferies India Private Limited and J.P. Morgan India Private Limited at https://investmentbank.kotak.com, www.axiscapital.co.in, www.jefferies.com and www.jpmipl.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see 'Risk Factors' on page 42 of the RHP. Potential Bidders should not rely on the DRHP and Addendum filed with SEBI for making any investment decision and instead should place reliance on the RHP.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("U.S. Securities Act"), or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States absent registration under the U.S. Securities Act, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (i) in the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) pursuant to Section 4(a) of the U.S. Securities Act, and (ii) outside the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors165

# ભાજપનાં નેતાઓનું કારસ્તાન : ગેરકાયદેસર બાંધકામો તોડવા ન પડે તે માટે કાળવાનું વહેણ જ ડાઈવર્ટ કરી નાંખ્યું

**કાળવાનું વહેણ કબુતરી ખાણમાં વાળવામાં આવતાં પાણીનો પ્રવાહ ૬ ગામોની સીમમાં ફરી વળતા ખેતીની જમીનનું ધોવાણ : ખેડૂતોને ભારે નુકશાની : જીલ્લા કલેકટરને ૬ ગામોનાં ખેડૂતોએ આવેદનપત્ર આપી તત્કાલ કાર્યવાહી કરવાની ઉગ્ર રજુઆત કરી : જો ૩ દિવસમાં ઉકેલ નહી આવે તો ૬ ગામનાં સરપંચો-ખેડૂતોને સાથે રાખી રસ્તા રોકો આંદોલન કરશે આત્મ વિલોપનની પણ ચીમકી આપી**





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૪

જૂનાગઢ મનપા વિસ્તારમાં ભાજપનાં શાસકો અને પદાધિકારીઓનાં પાપે અને અધિકારીઓ સાથેની મિલીભગતથી કાળવાનાં વોકળાનાં કાંઠે નિયમોનો ઉલાળ્યો કરીને ૧૦૦થી વધુ ગેરકાનુની બાંધકામો ખડકી દેવામાં આવ્યા છે. જેને પગલે ગત વર્ષે ૨૧ જુને જૂનાગઢ શહેરમાં જળહોનારત સર્જાય હતી.

જૂનાગઢ શહેરમાં કયારેય ન આવ્યું હોય તેવું અભૂતપૂર્વ પુર આવ્યું હતું. અને જૂનાગઢ શહેરમાં જાણે જળ પ્રલય થયો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતાં. ત્યારબાદ આ બાબતે ભારે હોબાળો થતાં ગેરકાનુની બાંધકામોનો સર્વે થયો, મુખ્યમંત્રીએ બે-બે વાર તાકીદ કરી, અનેકવાર ગાંધીનગર રજુઆત થઈ પણ હજુ સુધી કાળવાનાં વોકળા કાંઠે આવેલા ગેરકાયદેસર બાંધકામોની કાંકરી પણ હલી નથી ! અને આ વખતે પણ ચોમાસુ પુર બહારમાં શરૂ થઈ ગયું છે ત્યારે હજુ પણ ગેરકાનુની બાંધકામો યથાવત છે.

તે દર્શાવે છે કે ગેરકાનુની બાંધકામો કરનાર લેન્ડ માફીયાઓ કેટલા બેધડક અને બેફામ થઈ ગયા છે. હવે આ રાજકીય નેતાઓએ ગત વર્ષની ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે ગેરકાનુની બાંધકામ કરનારા રાજકારણીઓ, બિલ્ડરોએ એક નવું કારસ્તાન કર્યુ છે જેમાં કાળવાનાં વોકળા કાંઠે રાજકીય માથાઓના દબાણો દુર ન કરવા પડે તે માટે નેતાઓના ઈશારે તંત્રએ કબુતરી ખાણ નજીક કુદરતી રીતે જતું પાણીને અન્યત્ર ડાયવર્ટ કરી નાખ્યું હોવાના ગંભીર આક્ષેપ સાથે ૬ ગામનાં ખેડૂતોએ કલેકટર, કમિશ્નર, ડીડીઓ, વન વિભાગના ડીસીએફને આવેદનપત્ર આપ્યું છે.

અસરગ્રસ્ત ૬ ગામનાં ખેડૂતોના જણાવ્યા પ્રમાણે કાળવાનું કુદરતી વહેણ જે કાળવામાં વહેતું હતું તેને જેસીબીથી બંધ કરી ધરાનગરમાં જંગલ વિસ્તારની કબુતરી ખાણમાં વાળી દેવામાં આવ્યું છે.

આ વહેણ બદલાવાથી હવે પાણી પ્લાસવા, વીજાપુર, સોળવદર, ઘુડવદર, સેલરા અને રાયપુરની સીમમાં ફરી વળ્યા છે. પુરના પાણીથી પ્રભાવિત આ ૬ ગામની મોટાભાગની ખેતીની જમીનનું ધોવાણ થઈ ગયું છે. અને જમીન વાવણીલાયક પણ રહી નથી. વન વિભાગને ગેરમાર્ગે દોરી ભેજાબાજોએ રાજકીય દબાણ ઉભું કરી કાળવાના ગેરકાયદેસર બાંધકામો દુર કરવા ન પડે તેવી આગોતરી તૈયારી રૂપે આ ૬ ગામડાઓમાં ભારે તારાજી સર્જી દીધી છે.

જંગલ તથા રેવન્યુ વિસ્તારમાં પાણી ફરી વળતા વન્યપ્રાણીઓ રસ્તા ઉપર આવી જાય છે. પ્રથમ વરસાદમાં જ અનેક ગામડાઓ આ સ્થિતિના કારણે ભારે પ્રભાવીત થયા છે.

જો હજુ વધુ વરસાદ આવશે તો અન્ય ગામડાઓ પણ પ્રભાવિત થશે અને ભારે ભયજનક સ્થિતિ ઉભી થશે. આ અંગે પ્લાસવા, ઘુડવદર, સોડવદર, વીજાપુર, સેલરા અને રાયપુરના સરપંચોની આગેવાની હેઠળ ગામના ખેડૂતો તથા આગેવાનોએ જવાબદાર અધિકારીઓને ઉગ્ર રજુઆત કરી તાત્કાલીક નિરાકરણ કરવાની માંગણી કરી છે.

જો આ અંગે ત્રણ દિવસમાં ફરી કુદરતી વહેણ હતું તેવી પૂર્વવત સ્થિતિમાં કરવામાં નહી આવે તો ૬ ગામના સરપંચો તેમના ખેડૂતોને સાથે રાખી રસ્તા રોકો આંદોલન તથા આત્મવિલોપનની ચિમકી પણ આપી છે.

## જૂનાગઢ શહેરમાં શાંતેશ્વર રોડ ઉપર મનપા દ્વારા હનુમાનજી મંદિરનું ડિમોલિશન





જૂનાગઢ તા. ૪

જૂનાગઢ શહેરમાં આવેલા ગેરકાનુની અને નિયમ વિરૂધ્ધ બનેલા બાંધકામો તોડવાની હિંમત મનપા તંત્ર બતાવી શકયું નથી. પરંતુ જૂનાગઢ શહેરમાં શાંતેશ્વર વિસ્તારમાં દાયકાઓથી આવેલ હનુમાનજીનાં મંદિરનું ડીમોલીશન કરવાની બહાદુરી મનપા તંત્રએ બતાવી છે.

ગઈકાલે શાંતેશ્વર રોડ ઉપર હનુમાનજીના મંદિરનું દબાણ હટાવવામાં આવતા ફરી એકવાર દબાણને મુદ્દે રાજકીય માહોલ ગરમાયો છે. શાંતેશ્વર રોડ ઉપર વર્ષોથી સરકારી જમીનમાં હનુમાનજીનું મંદિર બનાવવામાં આવ્યું હતું. આ મંદિરને હટાવવા માટે મનપા દ્વારા મહંતને નોટિસ આપવામાં આવી હતી. મનપાની દબાણ શાખા દ્વારા મંદિરનું કમ્પાઉન્ડ વોલ સહિતનો તમામ ભાગ તોડી નાખવામાં આવ્યો છે. જયારે મંદિરની મૂર્તિ અને ડેરી તોડવા મુદ્દે મહંતે બે દિવસનો સમય માંગતા તે આપવામાં આવ્યો છે.

મહંત દ્વારા તેમની જાતે જ વિધી કરી હનુમાનજીની મૂર્તિને અન્યત્ર સ્થળાંતર કરી દેવામાં આવશે. ત્યારબાદ મનપા દ્વારા ડેરી ઉપર જેસીબી ફેરવી સમગ્ર જગ્યા મનપા હસ્તક લઈ લેવામાં આવશે. જેવી રીતે ધાર્મિક દબાણોને દુર કરવા તંત્ર સજ્જ છે તેવી રીતે વોકળા કાંઠેના નોટિસો આપેલા દબાણોને પણ દુર કરવામાં આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે. વોકળા કાંઠે તો અનેક ગેરકાયદેસર બાંધકામો થઈ ગયા છે તેનો કલેકટરની અધ્યક્ષતામાં બનાવેલી સમિતીએ તાત્કાલીક સર્વે કરી ગેરકાયદેસર બાંધકામો કરનારને દબાણો હટાવવા માટેની નોટિસો આપી દીધી હતી. ત્યરે જૂનાગઢવાસીઓને એવું લાગ્યું કે, હવે વોકળાના દબાણો દુર થઈ જશે અને આગામી ચોમાસામાં કે ભવિષ્યમાં કયારેય વોકળાના કારણે મુશ્કેલી ઉભી નહી થાય પણ અનેક કાયદાકીય આંટીઘુટીઓ ઉભી કરી કાચા મકાનો અને એકાદ પાકું મકાન તથા અમુક દિવાલો તોડી સંતોષ માની લીધો હતો. જેટલી નોટિસો આપી હતી તે મુજબની ખરા અર્થમાં કામગીરી થઈ શકી નહી તે પણ એટલી જ વાસ્તવિક સ્થિતિ છે.

## જૂનાગઢના જયશ્રી રોડ ઉપર આવેલ રેલ્વે લાઈનની પ્રોટેકશન વોલ તૂટી ગઈ : ટ્રેક ઉપર પ્રાણી આવી જતા અકસ્માતનો ભય



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

હજુ ચોમાસાની શરૂઆત થઈ રહી છે ત્યાં જ રેલ્વે વિભાગની હસ્તક આવતી અનેક દિવાલો તુટી પડવાનાં બનાવો બનવા પામ્યા છે. જેમાં જૂનાગઢ શહેરનાં જયશ્રી રોડ પર પ્રોટેકશન દિવાલ તુટી પડતાં અનેક રાહદારીઓ તેમજ પશુઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે. રેલ્વે વિભાગનો સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે. ત્યારે આ દિવાલ તાત્કાલીક રીપેર કરી મુંગા પશુઓ તેમજ માનવ જીંદગીને બચાવવી જરૂરી છે.

શહેરના જયશ્રી રોડ ઉપર આવેલ રેલવે લાઈનની પ્રોટેકશન વોલ છેલ્લા ઘણા સમયથી તૂટી ગયેલ છે. જેના કારણે પશુઓ અને એમાં પણ વધારે ગૌવંશ રેલવે લાઈન ઉપર ચડી જતા હોઈ ગમે ત્યારે દુર્ઘટનાના કારણે જીવહિંસા થવાની સંભાવના વધી જાય છે. ત્યારે જયાં સુધી આ દિવાલ ન બને ત્યાં સુધી જે ટ્રેન નીકળે તેની સ્પીડ એકદમ ધીમી રાખવામાં આવે અને ડ્રાઈવર તે સમયે ટ્રેક ઉપર જ ધ્યાન રાખે તેવી સુચના રેલ્વે તંત્રને આપવા લોકમાંગણી પ્રબળ બની છે.




